ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૭ || અંક: ૧૦ || ઓક્ટોબર ૨૦૨૫ || સળંગ અંક : ૬૪૮

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते ।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.ecvm.net

# ॥ સ્મરણાંજલિ ॥



ચારુતર વિદ્યામંડળના ભૂતપૂર્વ અધ્યક્ષ સ્વ. ડૉ એચ.એમ. પટેલના જન્મદિન નિમિત્તે આ મહામાનવને સ્મરણાંજલિ તથા શ્રદ્ધાંજલિ અર્પવા માટે નલિની અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટસ કૉલેજ, વલ્લભ વિદ્યાનગર પાસે આવેલ ડૉ.એચ.એમ. પટેલ સાહેબની પ્રતિમા પાસે તા.૨૭/૦૮/૨૦૨૫ના રોજ સવારના ૧૦-૦૦ કલાકે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ.ભીખુભાઈ બી. પટેલ, ચારુતર વિદ્યામંડળના માનદ્ મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલ, સહમંત્રીશ્રીઓ રમેશભાઈ તલાટી, શ્રી વિશાલ એચ. પટેલ, ચારુતર વિદ્યામંડળ તથા સીવીએમ યુનિવર્સિટીના પદાધિકારીઓ, કર્મચારીગણ, ચારુતર વિદ્યામંડળ સંચાલિત સંસ્થાઓ તથા સીવીએમ યુનિવર્સિટીની કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ એચ. એમ. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈંગ્લિશ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ અને ચારુતર વિદ્યામંડળના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.




વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ઑક્ટોબર-૨૦૨૫
વર્ષ : ૨૭ અંક : ૧૦
સળંગ અંક : ૬૪૮

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ : ૧૯૪૫



**તંત્રી**
ઉર્વીશ છાયા
**પરામર્શન**
ભગીરથ બ્રહ્મભટ્ટ
**સંપાદક મંડળ**
આર. કે. માંડલિયા ● મનીષા રાઠોડ
ભીખાભાઈ દેસાઈ ● રાજીવ પટેલ
**પ્રકાશક**
ડૉ. એસ. જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
●
**મુદ્રક**
સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

कर्मण्येवाधिकारस्ते

**પ્રમુખ**
શ્રી પ્રયાસ્વીનભાઈ બી. પટેલ
**ઉપપ્રમુખ**
શ્રી મનીષભાઈ એસ.પટેલ
**અધ્યક્ષ**
શ્રી ભીખુભાઈ બી. પટેલ
**માનદ્ મંત્રી**
ડૉ.એસ.જી.પટેલ
**માનદ્ સહમંત્રીઓ**
શ્રી મેહુલ ડી. પટેલ
શ્રી રમેશ સી. તલાટી શ્રી વિશાલ એચ. પટેલ


**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિતકલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅક્નૉલૉજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ● ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર www.vvidyanagar. ecvm. net પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચાર-કણિકા**

તારો ભરોસો ભારી અજમલ રા'
તારો ભરોસો મૂને ભારી રે - હે જી.
ભાગ્ય બડો જેને ભગવંત મળિયા
રામ કુંવર નેજા ધારી રે.... હે....જી.


|| પ્રાથમ્ય || જીવન સફર બહુ ટૂંકી છે. ..................૩
**સંકલન : એસ.જી.પટેલ**

|| પ્રાસંગિક || દિવાળીની આંખમાં આંસુ...................૫
**ભગીરથ બ્રહ્મભટ્ટ**

|| વૈભવ અને વારસો || .............................૭
**પદ્ય-વિભાગ : ભાઠી હરજી**

|| નવાં કાવ્યો || ........................................૮
**બાબુ નાયક, રણછોડ વી. પરમાર,**
**આબિદ ભટ્ટ, મંગળ રાવળ 'સ્નેહાતુર'**

|| વૈભવ અને વારસો ||
**ગદ્ય-વિભાગ :** નાનકડી જીભ ........................૯
**જ્યોતીન્દ્ર હ. દવે**

|| લઘુકથા || સવાર ..................................૧૦
**જયેશ સુથાર**

|| ચિંતનકણિકા || Shakespeare Quote.......૧૧
**આર. કે. માંડલિયા**

|| પ્રેરક || આળસથી અળગા રહીએ ..................૧૨
**અશોક સોમપુરા**

|| સમીક્ષા || વક્રોક્તિ સિદ્ધાંતની દૃષ્ટિએ
"વાની મારી કોયલ"......................................૧૪
**મનીષાબેન એમ. વાઘેલા**

|| પુસ્તક પરિચય || ગૌમહિમા વિશે સાહિત્યકારો.......૧૯
**ભીખાભાઈ વી. દેસાઈ**

|| નવલિકા || લીમડો.................................૨૦
**પ્રવીણ પરમાર**

|| આયુર્વેદ ||
ગેનોડર્મા લ્યુસિડમના ઔષધીય લાભો..................૨૪
**જલ્પેશ એસ. પટેલ, મનીષા શિંદે, જીગ્નેશ કે. પટેલ**

|| વિદ્યાવૃત્ત || .........૬, ૧૦, ૧૮, ૧૯, ૨૩, ૨૭, ૨૮




ISSN 0976-9609

## ।। પ્રાથમ્ય ।।

**જીવન સફર બહુ ટૂંકી છે.**

**સંકલન : એસ.જી.પટેલ**

૫૪ વર્ષના એક બેનને એટેક આવ્યો.

ઓપરેશન ટેબલ પર એને ભગવાન દેખાયા.

"પ્રભુ, બસ, મારો સમય પૂરો?"

ભગવાન કહે, "ના રે, હજુ તો તારે બીજા ૪૬ વર્ષ બાકી છે!"

બેનનું ઓપરેશન સફળ થયું. બેનને થયું હવે ૧૦૦ વર્ષ જીવવા નું જ છે તો સુંદર, યુવાન થઈ જઈએ.

હોસ્પિટલ હાઈ ફાઈ એટલે એમાં જ વધારે દિવસો રહી બેને તો રીન્કલ રીમુવીંગ, હેર ટ્રાન્સ પ્લાન્ટ એવી બધી ટ્રીટમેન્ટ લઈ લીધી.

હોસ્પિટલમાંથી રજા મળી, રોડ પર સામે ઊભેલી ટેકસીમાં જવા બેન રોડ ક્રોસ કરતા હતા ત્યાં એક ટ્રકે ટક્કર મારી ને બેનના તો ત્યાં ને ત્યાં રામ રમી ગયા.

ઉપર જઈ ભગવાન પાસે ફરિયાદ કરી, "તમે તો મને હજુ બીજા ૪૬ વર્ષ આપ્યા હતા, તો ટ્રકે ટક્કર મારી ત્યારે મને બચાવી કેમ ન લીધી?"

ભગવાન કહે, "તું કેટલી બદલાઈ ગઈ છે, મને તો તું ઓળખાઈ જ નહિ!"

**વાર્તાનો બોધ પાઠ :**
જેવા હોઈએ તેવા રહીએ તો પ્રભુને ગમીએ!

આપણી સફર બહુ જ ટૂંકી છે

એક મહિલા બસમાં ચઢી અને એના હાથમાં રહેલી બેગ બાજુમાં બેઠેલા માણસને વાગી.

તે વ્યક્તિ મૌન જ રહ્યો, ત્યારે પેલા બેને તેને પૂછ્યું કે જ્યારે બેગથી તમને વાગ્યું ત્યારે તમે ફરિયાદ કે ગુસ્સો કેમ ન કર્યો ..?

માણસે સ્મિત સાથે જવાબ આપ્યો "આટલી નજીવી બાબત વિશે અસ્વસ્થ થવાની જરૂર નથી, કારણ કે આપણી મુસાફરી ખૂબ ટૂંકી છે, હું આગલા સ્ટોપ પર ઉતરી જવાનો છું"

આ જગતમાં આપણી પાસે સમય એટલો ઓછો છે કે તેને નકામી દલીલો, ઈર્ષ્યા, જીદ, અસંતોષમાં વ્યતિત ના કરશો.

આપણી સફરની લંબાઈ કોઈને ખબર નથી. કોણ, ક્યારે, કયા સ્ટોપ પર ઉતરી જશે તે કોઈને ખબર નથી..!

આપણી સફર બહુ ટૂંકી છે !

અમદાવાદના બસ સ્ટેન્ડ પર બેઠેલો હું વડોદરા જવાવાળી બસની રાહ જોતો હતો. હજું બસ સ્ટેશન પર બસ આવી નહોતી. હું બાંકડા પર બેસી એક ચોપડી વાંચી રહ્યો હતો...

મારી પાસે લગભગ ૧૦ વર્ષની બાળકી આવીને બોલી "બાબુ પેન લઇ લો. ₹ ૧૦/- ની ચાર આપીશ. ખૂબ ભુખ લાગી છે. કશુંક ખાઈશ."

તેની સાથે એક નાનકડો છોકરો પણ હતો. કદાચ તેનો નાનો ભાઈ હશે.

મેં કહ્યું

"મારે પેન તો નથી જોઈતી."

આગળનો તેનો પ્રશ્ન ખૂબ જ વહાલો હતો...

"તો અમે ખાઈશું કઈ રીતે.....?"

મેં પુનઃ કહ્યું

"મારે પેન નથી જોઈતી પણ તમે કશુંક ખાશો જરૂર....."

મારી બેગમાં બિસ્કિટના બે પેકેટ હતા. મેં બેગમાંથી તે પેકેટ બહાર કાઢી બન્નેને એક એક પેકેટ પકડાવી દીધું.

મારી હેરાનગતિની હદ ના રહી જ્યારે તે બાળકીએ એક પેકેટ પરત કરતા કહ્યું

"બાબુજી એક જ કાફી છે, અમે વહેંચીને ખાઈ લઈશું.....!"

હું હેરાન થઈ ગયો જવાબ સાંભળીને.....!

મેં ફરી કહ્યું

"રાખી લો બન્ને."

મારા આત્માને ઝંઝોળી દીધો એ બાળકીના જવાબે...

તેણે કહ્યું; "તો પછી આપ શું ખાશો.....?"

સંસારમાં કરોડો કમાનાર લોકો ઉન્નતિના નામ પર માણસાઈ ને નિશાન બનાવી લખલૂટ લૂંટ ચલાવવામાં લાગેલા છે.. ત્યાં એક ભૂખી બાળકીએ "માનવતાની પરાકાષ્ઠા" નો પાઠ ભણાવી દીધો હતો...!

આપણી સફર ખુબ જ ટુંકી છે.

(સૌજન્ય : સોશિયલ મિડિયા)

---

માનદ્ મંત્રી
ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર
ફોન (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
E-mail : sgpatel1948@gmail.com

---

## લ્યો આવી ગઈ દિવાળી – અનિલ ચાવડા

લ્યો આવી ગઈ દિવાળી દર વર્ષે આવે તેમ,
આ વખતે તો સ્વયં પ્રગટીએ ચલો દીવાની જેમ.
ઉદાસીઓના ફટાકડાઓ
ઝટપટ ફોડી દઈને,
ચહેરા પર ફૂલઝડી સમ
ઝરતું સ્મિત લઈને;
કોઈ પણ કારણ વિના જ કરીએ એકમેકને પ્રેમ...
આ વખતે તો સ્વયં પ્રગટીએ ચલો દીવાની જેમ.
સૌની ભીતર પડ્યો હોય છે
એક ચમકતો હીરો,
ચલો શોધીએ ભીતર જઈને
ખુદની તેજ-લકીરો;
ભીતર ભર્યું જ છે અજવાળું ના ઝળહળીએ કેમ ?
આ વખતે તો સ્વયં પ્રગટીએ ચલો દીવાની જેમ.

 ISSN 0976-9609

## ।। પ્રાસંગિક ।।

## દિવાળીની આંખમાં આંસુ

**ભગીરથ બ્રહ્મભટ્ટ**

આજે પથારીમાં કણસતા દર્દીની જેમ દિવાળી ડૂસકે ચઢી છે. એના અંગેઅંગમાં હરખને સ્થાને શિથિલતા નજરે ચઢે છે. એના હાથપગ નંખાઈ ગયા છે. એનો ચહેરો શ્યામ પડી ગયો છે. એની આંખોમાંથી આંસુ વહે જાય છે – મને દિવાળીનું આ વિચિત્ર સ્વરૂપ જોઈ નવાઈ લાગી. મેં તો મારા વિસ્મયને ઓગાળવા આંખો મીંચી દીધી એટલે દિવાળી મને કહેવા લાગી.

ભાઈ, હવે તો કેવા દ્હાડા આવ્યા ? કેવા તેલ-ઘીના દીવે મારી કાયા ઝળહળતી હતી ! કોડિયામાં ભાવભરી લોકો મારે અજવાળે એમની જીવનજાતરા ગોઠવતાં ! આજે તો જુઓ... વીજળીના દીવે મારા આ બધા હાલહવાલ કરી નાખ્યા ? ભાઈ, શું કરું ? કાંઈ સમજાતું નથી. ગામનો કુંભાર પણ રડે છે... એનોય હવે ક્યાં કોઈ ભાવ પૂછે છે ? હું તો મારા આયખાને અંધારે અટવાતું જોઈ રહી છું ! મારા હોવા ના હોવાનો કોઈનેય ક્યાં ફરક પડે છે ! મારો મહિમા મુરઝાવા માંડ્યો છે ! પછી હું શું કરું ?

મેં કહ્યું – 'કેમ ? અજવાળું તો છે...'

શું ધૂળ અજવાળું છે ? એ અજવાળાં મારે શા ખપનાં ? હું તો મારા કોડિયામાં તેલ પૂરી પ્રગટવા માંગું છું ! આ અજવાળાં તો પરાયાં...! સાવ પરાયાં...! એ પારકાં-ઉછીનાં અજવાળાં મારે શા ખપનાં ? મારે તો મારા પંડના અજવાળા જોઈએ. ક્યાં છે ? એના વિના હું વલખું છું. હું વ્હાલ ઝંખુ છું. ક્યાં છે એ વ્હાલ ? એ વ્હાલ વિના મારા આવા થયા છે હાલહવાલ ! સાચું કહું તો હું બેહાલ થઈ ગઈ છું. મારી મંગળમયતા ગઈ કયાં ?

ભઈ દૂરદૂર દેશાવર રહેતા, દિવાળીએ બધાં ઘરે આવતાં. પોતાના પરિવારમાં ભળી જતા. ચાર દહાડા તો ચાર દહાડા એ ભાઈચારો મને બહુ મીઠો લાગતો. મારી સંગતમાં એ પરિવાર કિલ્લોલ કરતો. હું હરખાતી... પોરસાતી. મારું અંગેઅંગ ઝળહળી ઊઠતું. મને શેર-શેર લોહી ચઢતું ! મારા કારણે મારી રૂબરૂમાં એ સદસ્યો એક માળામાં પરોવાયેલાં રહેતાં ! માળાનોય મહિમા થતાં મણકાય રાજી અને દોરોય રાજી ! હું તો દોરા જેવી, સૌને પરોવ્યા રાખતી અને જોતી. મારા કારણે એ માળો ભર્યો ભર્યો રહેતો. માળાનો કલશોર એ મારી મૂડી હતી. ભાઈ ! માળાનાં પંખીડાં પછી ભલે ઊડી જતાં પણ મારું નામ પડે એટલે ભેગાં થઈ જતાં... એમનો હરખ... એમનો પ્રેમ... એમની આત્મીયતા...એમનો મારાપો એ જ તો મારું અજવાળું હતું. એ મારી મૂડી હતાં.

આજે તો ઉછીનાં-પારકાં તેજે મારે પ્રકાશવાનું ? એ પ્રકાશ નથી. કાળઝાળ અગ્નિ છે. હું તો દાઝી મરું છું, પણ મારો મૂંઝારો કોણ સાંભળે ? ઉમળકા વગરના આ ટાણામાં મારો માંહ્યલો નિઃસાસા નાખે છે ભાઈ ! આસો મહિનાનાં તોરણ હવે તૂટી રહ્યાં છે અને શરદનો સ્વાદ ક્યાંય દેખાતો નથી... આ અંગ્રેજી મહિનાઓ આપણા દેશી મહિનાઓનો કોળિયો કરી ગયા અને વિક્રમ સંવતની છાતી ઉપર ઈશુ ખ્રિસ્તની માપપટ્ટી ચઢી બેઠી છે ! ચોઘડિયાનું તો ગળું ઘૂંટી દેવામાં આવ્યું... જ્યાંથી જ્ઞાનની વિધિનો પ્રારંભ થતો ! અજ્ઞાનનો અસ્ત થતો એ વાત જ વિસારે પાડી દેવાઈ. આખો ધરમ ભુલાયો ! ભરમ ભુલાયો.. ! હું કોની આગળ જઈને આ વાત કહું ?

સમગ્ર વર્ષભરના અજ્ઞાન ઉપર, અંધારા ઉપર અજવાળું છાંટી-પંડનો પ્રકાશ છાંટી જ્ઞાનની ઉપાસના કરવાનું મારું પર્વ સાવ ભુલાવા માંડ્યું ? મારું અજવાળું એમનેમ નહોતું ! જીવનની કેડી બતાવતું હતું ! નવો રાહ દેખાડતું'તું ! એટલે તો મહિના અગાઉથી મારો મહિમા ગવાતો. પ્રત્યેક ઘર અને ગામ વાળી-ઝૂડી લીંપી-ગૂંપી સુશોભિત થતાં. ખેડૂતો, કુંભાર, દરજી, સુથાર, લુહાર, ફેરીવાળા બધા એની રાહ જોતા. બધાંને એ ટાણાની પ્રતિક્ષા. બધાંને

એ પ્રસંગ સાચવતો. બધાં રાજી રહેતાં. આજે તો એની કોઈને કંઈ પડી જ નથી !

દીવો અંતરને અજવાળતો.. સૌના નવા જીવનનો પ્રકાશ બની જતો. નવા સંબંધો થતા-બંધાતા. મનમંદિરનો કચરો બળાતો.-દૂર થતો. નવી પ્રસન્નતાની સ્થાપના થતી. વેરઝેર ભુલાતાં-મૈત્રી અને ભાઈચારાનું ગૌરવ થતું. ધનતેરસ, કાળીચૌદશ, દિવાળી અને બેસતું વર્ષ એ ચાર ભાઈઓ. વળી છોગામાં પાંચમી ભાઈબીજ ! આ પાંચેય દાડા પરમેશ્વર જેવા ! જૈનો પણ આ દિવસોમાં જ્ઞાનની આરાધના કરે. આ દિવસોમાં કરેલી આરાધના જ જીવનનું કલ્યાણ કરે. દિવાળીના એ દિવસોમાં માની મુદ્રા લીંપણમાં હસતી દેખાતી અને ભાભીની મુદ્રા પાણિયારે પ્રસન્ન વરતાતી. બેનીની મુદ્રા તોરણે હીંચકા ખાતી અને ભાઈઓની મુદ્રા નવી-નવી વાનગીમાં કેવો સ્વાદ બની જતી ! આજે તો ઉચાળા ભરી ભરીને સૌને હોટલોમાં રફુચક્કર થઈ જવાનો રોગ લાગુ પડ્યો છે ! પછી હું એકલી એકલી કરુંય શું ? ઘરે ઘરે, ટોડલે ટોડલે.. દીવા ઝગે.. એ દીવા એટલે કે એક એક મનખાવતાર ભઈ ! પ્રસન્નતાનું પર્વ વરસમાં એકવાર ઉજવાય - જીવન આખુંય પ્રસન્ન પ્રસન્ન થઈ જાય. 'મારું કહ્યું માને. જો માનવી અહીંથી પાછો વળે તો એને જીવનનો પ્રાણવાયુ પ્રાપ્ત થાય. જે હું લઈને બેઠી છું ભાઈ ! મારે તો સૌનું કલ્યાણ કરવું છે અને જોવું છે. તમે મને શીદને દુઃખી કરો છો ?'

ધન પૂજા... ભેંસ ગાય... ભલે ના રહ્યાં પણ પૈસા પૂંજી તો છે ને ? એની પૂજા કરી એ પણ પવિતર કરો... પવિતર રાખો તમારાં ઘણાં દુઃખ ઓછા થવાનાં. કાળીચૌદશે શક્તિપૂજા મંત્ર તંત્ર તથા જેનાથી જીવનમાં તાકાત-શક્તિ, સંરક્ષણ પ્રાપ્ત કરવાની ક્ષમતા પ્રાપ્ત થતી. કેમ ભૂલી ગયા બધું ? !

આ દિવસોમાં દિવાળી સૌથી મહત્ત્વનો દિવસ... સૌના કેન્દ્રમાં એ રહેતો દિવસ. પરિવાર એક તાંતણે પરોવાયેલો રહે. હરખી ઊઠે. સાથે બેસીને જમે, વેરઝેર ભૂલે. નવેસરથી એકડો માંડે. પૂર્વગ્રહ વિસારે પાડે. નવા વર્ષે એ સંકલ્પનો પ્રારંભ કરે. સૌ પરિવારની સાક્ષીએ આમ પગલીઓ માંડે. ભાઈ-બેનના સંબંધો મા-સંતાનોના સંબંધો-ભાઈભાઈના સંબંધો સુદૃઢ બનતા જાય... પણ ભાઈ ક્યાં કોઈ ક્યાં સમજે જ છે ? હું તો કેવળ નામની રહી ગઈ છું. હવે તમે જ કહો હું રડું નહિ તો બીજું કરું પણ શું ?

ઓલવાતા દીવા, અસલી વાટ નિબંધ સંગ્રહમાંથી સાભાર

પ્લોટ નં. ૮૬૪, ગ્રેસ બંગલો, મહાદેવ વિસ્તાર,
વલ્લભ વિદ્યાનગર, આણંદ, (મો) ૯૮૭૯૫૨૩૨૭૬

## ।। વિદ્યાવૃત્ત ।।

### જી.જે.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ, એસ.જી.પટેલ આયુર્વેદા હૉસ્પિટલ એન્ડ મેટરનિટી હોમ

(૧) તા. ૧૧-૮-૨૦૨૫ કૌમાર ભૃતય વિભાગ દ્વારા આયોજિત વેબીનાર વિષયઃ બ્રેસ્ટ ફીડીંગ, ડૉ.શીતલ અગ્રવાલ દ્વારા તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ અને અધ્યાપક.

(૨) તા.૧૨-૮-૨૦૨૫ ના રોજ પોસ્ટર અને સ્લોગન સ્પર્ધા વિષય એન્ટિ રેગીંગનું મહત્ત્વ અને જાગૃતતાઃ આ સ્પર્ધાનું આયોજન એન્ટિ રેગીંગ કમિટી સાથે એકસ્ટ્રાકરીક્યુલર કમિટીએ કરેલ હતું.
સ્લોગન સ્પર્ધા પ્રથમ ક્રમ પર આફતા પટેલ, બીજા ક્રમાંકે કૌશિક પ્રજાપતિ, પોસ્ટર સ્પર્ધા પ્રથમ ક્રમાંક આશિષ ભાડાનીયા બીજા ક્રમાંકે ઋતુ સોલંકી આવ્યા હતા.

(૩) તા. ૧૫-૮-૦૨૫ સ્વાતંત્ર્ય દિવસ ઉજવણી અને વૃક્ષારોપણ : ડૉ.સરિતા ભૂતડા દ્વારા ૧૧૦ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી.

 ISSN 0976-9609

## તારો ભરોસો મને ભારી

**ભાઠી હરજી**

તારો ભરોસો ભારી અજમલ રા'
તારો ભરોસો મૂને ભારી રે - હે જી.
ભાગ્ય બડો જેને ભગવંત મળિયા
રામ કુંવર નેજા ધારી રે.... હે....જી.
મંજારીના બચ્ચાં ઉગાર્યા, બળતી અગ્નિની માંહી રે,
ભક્ત પ્રહ્‌લાદની પત રાખવા માર્યો હરણા કંસ રાઈ રે.
કૌરવ પાંડવનું ભારથ રમીયું આવ્યાં તે મહીં મોરારી રે,
ટીટોડીના વ્હાલે દાંડા ઉગાર્યા, પરગટ પરચો ભારી રે.
ગિરધારીએ ગામ ગોકુળ વસાવ્યુ, ગોપ બની ગાયો ચારી રે,
પેસી પાતાળ - કાળી નાગ નાથ્યો પરગટ પરચો આપી રે.
ગિરિ ગોવર્ધન કરમાં ધાર્યો ઈન્દ્રનો મદ ઉતર્યો રે,
વાસુદેવ દેવકીનું દુઃખ જ ટાળવા, મામા કંસને માર્યો રે.
ગજરાજ જ્યારે હૂવા પ્યાસા ચાલ્યા સરોવર માહી રે,
જળમાં જઈ વ્હાલે ઝુન્ડને માર્યો ઉગાર્યા ગજરાઈ રે.
સેના ભગતના સંશય ટળ્યા આપ બન્યા હરિ નાઈ રે,
દોયકર જોડી ભાઠી હરજી બોલ્યા અમીરસ વાણી રે.
તારો ભરોસો ભારી અજમલારા,
તારો ભરોસો મૂને ભારી રે.. હે જી...

ભક્તિ ભરોસાની છે. વિશ્વાસ હોવો જોઈએ, એટલી જ ધીરજ રાખવી પડે છે. શબરી નાની ઉંમરેથી રામની ભક્તિ કરે છે. તેને ભરોસો ને ધીરજ બંને હતાં એટલે છેક વૃદ્ધાવસ્થાને રામ પધારે છે. જો શ્રદ્ધા ડગી જાય તો ન ચાલે. હરજી ભાટી ભક્તોના જીવનની અનેક ઘટનાઓ ઉદાહરણ આપી સમજાવે છે.

કુંભાર રામભક્ત દંપતી ભૂલથી નીંભાડામાં બિલાડીનાં બચ્ચાં મૂકી દે છે તેને બળતી અગ્નિમાંથી ભક્તિના ભરોસાના પ્રતાપે ઉગારે છે. ભક્ત પ્રહ્‌લાદની પત રાખવા હરણાકંસ સંહારે છે. મહાભારતના યુદ્ધમાં કૃષ્ણ પરમાત્મા ટીટોડીનાં ઈંડાં ઉગારે છે. ભોળા ગોકુળવાસીઓ ખાતર ગિરધર ગોપાલક બન્યા, કાળીનાગ નાથ્યો, ગોવર્ધન પર્વત ઉપાડ્યો, કંસને માર્યો, ગજરાજને મગરના મુખમાંથી બચાવ્યો, સોના ભગત ખાતર હરિ નાઈ થયા. આમ જેને ભગવાનના ભરોસો છે તેની ભેરે તે અવશ્ય આવે જ છે. આંતરનાદ જગાડો, હૃદયના ઊંડાણથી, ભાવથી બોલાવો હરિ આવશે જ.

## ।। નવાં કાવ્યો ।।

### ટીપું

**બાબુ નાયક**

ટીપે ટીપે તરુવર ટમક્યાં, સાગર ગ્યા છલકાઈ,
અનરાધારે આખું આલમ, એ શું નથી નવાઈ?
ટીપે ટીપે.............
સ્વાતિ છીપ ધરી મુખ ટીપે મોતી માણેક પાકે,
ઝળહળતા ઝાકળમાં સૂરજ ન્હાતાં કદી ન થાકે.
ઝીણું તોય ઝાઝેરું એનું અમૂલખ મૂલ અંકાઈ.
ટીપે ટીપે...............
ચત્તાપાટ ધખે રણ હૈયાં, ટીપાં ત્રમઝીક ઝંખે!
તરસ્યાં તોષે ટીપે ટીપે, દારુણ દાહ શા ડંખે!
વાયુ, તેજ, ધરા, નભ સઘળે જળની નથી જુદાઈ.
ટીપે ટીપે...............
એની અકળ કળાને પામર કેમ કરીને તાગે?
ઘડી ઘડીમાં ટોચે - તળિયે, પડે, આખડે, ભાગે.
રંગ, રૂપ, આકાર અનોખાં, જેની સંગ સગાઈ.
ટીપે ટીપે...............

એ ૨૦૧ પાર્શ્વનાથ રોયલ રેસિડેન્સી,
અડાલજ જિ.ગાંધીનગર (મો.) ૯૩૨૭૦૮૪૭૪૩

### સરવાળામાં શૂન્ય મળ્યું છે,

**રણછોડ વી. પરમાર**

સરવાળામાં શૂન્ય મળ્યું છે,
જનમારાનું મૂલ્ય મળ્યું છે.
પાપ અમે ન્હોતા કરવાના,
પાપ કર્યાનું પુણ્ય મળ્યું છે.
અમે કહ્યું કે ઠીક મળ્યું છે,
લોકો કે અમૂલ્ય મળ્યું છે.
તુલના ? એ પણ એની સાથે
અરે અહીં અતુલ્ય મળ્યું છે.
ગણી ગણીને થાકયા ત્યારે,
સરવાળામાં શૂન્ય મળ્યું છે.

૧૬૭૮/૨, સેક્ટર-૨/ડી, ગાંધીનગર,
(મો) ૯૪૨૯૯૬૭૧૭૯

### ગઝલ

**આબિદ ભટ્ટ**

વિપત પડે ના રોતી, શું કરવાની આંખો કોરી,
નામ નહીં દે મૃગનયનાનું, કાચ હશે બિલ્લોરી !
કંટકના મસ્તક ઊંચા, અંધારા લાલચ દેતા,
તારે દ્વારે લઈને જાતો માર્ગ મળે ના ધોરી.
અંદર અંદર કાપાકાપી કરતા જીવ પતંગો,
ફિરકી કોણે પકડી, કોણે હાથ ધરી છે દોરી ?
સિંચ્યું જળ જાય નકામું, ખાલી ખાલી કૂંડામાં,
તારી રહમ નજરથી મારી જીવન ક્યારે મ્હોરી !
તેં કીધું તો બાળ બનીને સૂઈ ગયા ઝોળીમાં,
સ્વર્ગેથી લઈ આવો માને ગાવા સુંદર લોરી.
રાત બિચારી મૌન રહીને વેઠે છે અંધારું,
ભાગે પડતું અજવાળું પણ સૂરજ લેતો ચોરી !
વ્યક્ત કરે છે ખુદને એ તો સૃષ્ટિ સકળ તત્ત્વોમાં,
જોર નથી સમજી શકવાનું તારી છે કમજોરી.

નિર્ઝર, મદીના મસ્જિદ રોડ, પોલોગ્રાઉન્ડ,
હિંમતનગર-૩૮૩૦૦૧, જિ.સાબરકાંઠા (મો) ૯૪૦૯૦૨૨૧૩૦

### પિતાજી... (મંદાક્રાન્તા)

**મંગળ રાવળ 'સ્નેહાતુર'**

જાતાં પ્હેલાં સહજ દિલથી કેમ કાંઈ પિતાજી ?
કીધું ના કૈં ગ્રથિત ઘરને આમ મૂકી જવાનું ?
દેખોઃ રોતું સતત ડૂસકે ગાંદરું ચીસ નાખી !
તોયે એકે શબદ ઉચરી શાન્ત થાઓ ન કીધું !
જીવી જાણ્યા ભય રહિતનો ભેદ ખોલી અજાણ્યો;
ને, ધંધાર્થે મૃદુલ મનથી પોસતાં કાર્ય કીધાં.
લગ્ને જોડ્યાં પરસપરના છોકરાં કેટલાંયે -
એથી ઝાઝા શ્રમિક જનને હાથ ઝાલી જમાડ્યા
વીત્યાં વર્ષો પણ નવ કદી યાદની એષણાઓ
આઘી થાતીઃ અવ વિહરવું શીદને ઝાડવાંમાં !
આજે ભીંતે છબિ જડિતમાં ચીંધતી આંગળીએ
કહેતા બેટા ! અમર કરજો બાપનું નામ વિશ્વે !
પિતાજીના સકળ ઋણને કોણ આપી શકે છે ?
તોયે ઊંડા વિલીન બનતા ઓરતાઓ ઉજાળું !

સિકોતેર સેવાંશ, રમ્યરોચક પંચવટી, અયોધ્યાનગર,
મુ.પો.અંબાલા, તા.બહુચરાજી,જિ.મહેસાણા,
(ઉ.ગુ.) ૩૮૪૪૧૫ (મો) ૯૭૨૭૫૮૭૭૧૦


ISSN 0976-9609

## ।। વૈભવ-વારસો : ગદ્ય વિભાગ ।।

## નાનકડી જીભ

જ્યોતીન્દ્ર હ. દવે

મનુષ્યની સર્વ ઈન્દ્રિયોમાં જીભનું મહત્ત્વ વિશેષ છે. કાન, હાથ, પગ આદિ બબ્બે ઈન્દ્રિય છે ને તે કાર્ય એક જ કરે છે. એક સાંભળવાનું કામ કરવા માટે બે કાન, એક શ્વાસ લેવાનું કાર્ય કરવા માટે બે નસકોરાં, ચાલવાના એક કાર્ય માટે બે પગ, જોવાના કામ માટે બે આંખ. પણ બોલવાનું ને સ્વાદ ચાખવાનું એમ બે કામ માટે એકલી જીભની જ નિમણૂક કરવામાં આવી છે.

બીજા પ્રાણીઓ કરતાં મનુષ્યનું શ્રેષ્ઠત્વ તથા વિશિષ્ટત્વ એની જીભને લીધે જ છે. અન્ય પ્રાણીઓ કરતાં મનુષ્યોમાં બુદ્ધિ વધારે હોય છે, એ વાત મનુષ્ય અને પ્રાણી બંનેના પરિચયમાં આવનાર કોઈથી પણ મનાય એવું નથી. મનુષ્ય કરતાં આંખની બાબતમાં બિલાડી, હાથની બાબતમાં ગોરીલા, નાક્ની બાબતમાં કૂતરો, પેટની બાબતમાં વરુ ને પગની બાબતમાં ગધેડો વગેરે બળવાન હોય છે એ જાણીતું છે. તેમ જ બીજાં જાનવરોની માફક એને શીંગડાં ને પૂંછડી પણ હોતાં નથી. એ પરથી સમજાય છે કે મનુષ્ય કરતાં, જીભ સિવાયની બીજી ઈન્દ્રિયોના વિષયમાં અન્ય પ્રાણીઓ વધારે નસીબદાર છે. મનુષ્યનો ખરેખરો વિકાસ જીભના વિષયમાં થયો છે.

જગતમાં જે કાંઈ થાય છે - સારું નરસું, આનંદ કંકાસ, આત્માશ્લાઘા, ખુશામદ, વિવાહ ને વરસી, માંદગી ને તંદુરસ્તી તે સર્વ મોટે ભાગે જીભને લઈને જ થાય છે. સિદ્ધાંત તરીકે જીભ પર અંકુશ રાખવાની શક્તિ મનુષ્યમાં છે. પણ ખરી રીતે જોતાં જીભની સત્તા હેઠળ એ દબાઈ જાય છે. સમાજ, ધર્મ ને કાયદાની રૂએ પુરુષ સ્ત્રીનો સ્વામી છે, પણ વસ્તુતઃ એ સ્ત્રીની ગુલામ હોય તેમ વર્તે છે. એજ રીતે તે જીભના તાબામાં રહે છે. એની તંદુરસ્તી, એની નીતિ, એનો વિવેક, એનો ધર્મ એનું આખું જીવન એની જીભને આધારે જ વિકસે છે કે વણસે છે. મનુષ્ય એટલે જ જીભ.

પ્રતિકૂળ સંજોગોમાં પણ આનંદથી શી રીતે કર્તવ્ય બજાવ્યા જવાય. એ જીભ આપણને શીખવે છે. આગળ બત્રીસ ભૈયા જેવા મજબૂત દાંત, પાછળ ગળાની ઊંડી ખાઈ, અનેક પ્રકારના ટાઢા-ઊના, તીખા-ખારા પદાર્થોનો સતત મારો, સૂર્યનો જરાય પ્રકાશ ન આવે એવી સાંકડી અંધારી જગ્યામાં લપાઈ રહેવાનું. આવી અનેક પ્રતિકૂળતાઓ છતાં, જીભ આનંદથી નિર્ભયપણે પોતાનું કાર્ય કરી જાય છે.

વૃદ્ધાવસ્થામાં બીજી ઈન્દ્રિય શિથિલ થઈ જાય છે, ત્યારે પણ જીભ તો એવી ને એવી બળવાન રહે છે. ઘણીવાર તો બીજી ઈન્દ્રિયની શક્તિ એનામાં ભેગી થતી હોય એમ લાગે છે.

'અરધી સદીની વાંચનયાત્રા' માંથી સાભાર

***"May the light of Diwali guide you to a brighter, happier future".***

***

***"Wishing you a Diwali full of warmth, joy, and the love of those who matter most".***

***

***"May this Diwali bring you good health, wealth, and happiness".***

## || લઘુકથા ||

## સવાર

જયેશ સુથાર

મિત્ર સુમનના ફળિયામાં જતાં પ્રથમ ચોગાન આવે. ફળિયાની મહિલાઓએ ચોગાનને ઘરનો કચરો, એઠવાડ તથા નકામી ચીજવસ્તુઓ ફેંકી ગંદકીનું ધામ બનાવી દીધું છે.

હું એક દિવસ સુમનને ઘેર જવા નીકળ્યો. પ્રથમ ચોગાન પાસે ગંદકીના ઢગ વચ્ચે એક કૂકડો ચણ ચણતાં છડી પોકારી રહ્યો: 'કૂકડે..કૂક...' એ જ સમયે સુમનની પત્ની હાથમાં નાની તપેલી સાથે આવતી દેખાઈ. એણે આવીને ચોગાન પાસે ઊભેલ પડોશણને સંબોધીને કહ્યું, આ કૂકડો મૂરખનો સરદાર છે ! સવારને બદલે ભરબપોરે... "કૂકડે... કૂક" કરતો કોને જગાડતો હશે ? - પછી તેણે હસતાં હસતાં એંઠવાડ ભરેલી તપેલી ચોગાનમાં ઠાલવી દીધી. પડોશણ તો કંઈ ન બોલી, પણ મેં "ભાભી ! તમને વળી બીજા કોને ?" - હસતાં હસતાં જવાબ આપી દીધો.

૨૩, કામનાથ સોસાયટી, હનુમાનજી મંદિર પાસે,
પો.કણજરી-૩૮૭ ૩૨૫,
તા. નડિયાદ (મો) ૯૯૦૯૩૧૫૭૧૦
Mail ID : jayeshsuthar1567@gmail.com.

## || વિદ્યાવૃત્ત ||

### Founder's Day Celebration at HMPI ETR by organizing Dr. H. M. Patel Memorial Lecture

With the blessings of Er. Bhikhubhai Patel, Chairman of Charutar Vidya Mandal (CVM), the H. M. Patel Institute of English Training and Research successfully organized Dr. H. M. Patel Memorial Lecture on 26th August 2025 at the institute auditorium. The lecture was organized on the occasion of the Founder's Day – the Birth Anniversary of Dr H M Patel Saheb, the founder of the institute. The programme commenced with a warm welcome address by Dr. Mayur Parmar, the I/c Principal of the institute. The Dr H M Patel Memorial lecture on "Newly Emerged Challenges to Classroom Teaching" was delivered by Dr. R. K. Mandalia, former Head, Department of English, Sardar Patel University, and currently serving as OSD at CVM University, Vallabh Vidyanagar. Dr. S. G. Patel, Hon. Secretary of Charutar Vidya Mandal, presided over the function and delivered the presidential remarks, appreciating the institute's contribution to English language teaching and research. The institute also expressed its gratitude to Shri Ramesh Talati, Hon. Jt. Secretary of Charutar Vidya Mandal, for his constant guidance and directions for academic excellence. Dr. Megha Patel, Vice-President of the Students' Council, proposed a heartfelt Vote of Thanks to all the dignitaries, participants and attendees. The entire event was recorded for You Tube and social media platforms to reach a wider academic audience. Faculty members, students, and researchers attended the event in large numbers, marking it a grand success.

## ।। ચિંતન-કણિકા ।।

## Shakespeare Quote :

**આર. કે. માંડલિયા**

If you prick us, do we not bleed ?
If you tickle us, do we not laugh ?
If you poison us, do we not die ? and
And if you wrong us, shall we not revenge ?
(The Merchant of Venice Act:III Scene:I)

વિલિયમ શેક્સપિયર કૃત રોમેન્ટિક કોમેડી 'ધ મરચન્ટ ઓફ વેનિસ'ના ત્રીજા અંકના પ્રથમ દશ્યમાં કથાનકનાં વિલન શાયલોક દ્વારા બોલાયેલ ઉપરોક્ત વાક્યોમાં ક્રિશ્ચિયન વિશ્વની વિરુદ્ધ યહુદી વિશ્વના ઘર્ષણ અને સંઘર્ષના પડઘા સંભળાય છે. શાયલોક એક વ્યાજે નાણાં ધીરનાર યહુદી છે. ભૂતકાળમાં ક્રિશ્ચિયન વ્યાપારી એન્ટોનિયોએ અનેક વાર શાયલોકનું જાહેર સ્થળે અપમાન કરેલ છે. એન્ટોનિયોનો મિત્ર બેસેનિયોને ત્રણ હજાર ડ્યુકેટસ (વેનેશિયન નાણું)ની તાતી જરૂરત હોઈ પોતાનો મિત્ર એન્ટોનિયો પાસે માગે છે. પરંતુ એન્ટોનિયોએ પોતાની સમગ્ર મૂડી વ્યાપારમાં લગાવી દીધી હોવાથી પોતાના મિત્રને મદદ કરવા તે શાયલોક પાસે જાય છે. ભૂતકાળમાં જાહેર સ્થળે પોતાના થયેલા અપમાનનો બદલો લેવા માટેની શાયલોક માટે આ ઉત્તમ તક છે. શાયલોક પૈસા આપવા તૈયાર થાય છે. પણ પોતાની શરત મુજબ. અને શરત પણ કેવી ! ત્રીજા મહિનાનાં અંતે જો એન્ટોનિયો રકમ પરત કરવામાં નિષ્ફળ જાય તો શાયલોક પોતે ઇચ્છે તે પ્રમાણેના એન્ટોનિયોનાં શરીરમાંથી એક પાઉન્ડ માંસ કાપીને લઈ લેશે. શરત ખૂબ જ ગંભીર છે પણ શાયલોક પાસે પોતાની તાર્કિક દલીલ છે જે ઉપરના વાકયોમાં રજૂ થાય છે.

શાયલોક ઉપરોક્ત વાક્યોમાં કહેવા એ માગે છે કે, તે પણ બીજા બધા ક્રિશ્ચિયનોની જેમ એક મનુષ્ય જ છે અને તેનામાં પણ તમામ એવી સંવેદનાઓ છે જેવી ક્રિશ્ચિયનોમાં હોય છે. યહુદીનો કોઈ પણ રીતે સંવેદનાઓની દષ્ટિએ ક્રિશ્ચિયનો કરતા અલગ નથી હોતા. તેમને પણ જો કોઈ અણીવાળી વસ્તુ ભોંકે તો એ પ્રમાણે જ લોહી નીકળે જેવું ક્રિશ્ચિયનોને નીકળે. તેમને પણ જો કોઈ ગલી કરે તો એ પ્રમાણે જ હસવું આવે જેવું ક્રિશ્ચિયનોને હસવું આવે. તેમને પણ જો કોઈ ઝેર આપે તો તેમનું એ જ રીતે મૃત્યુ થાય જેમ ક્રિશ્ચિયનોનું મૃત્યુ થાય અને તેમનું જો કોઈ ખોટું કરે અથવા અન્યાય કરે તો તેમને પણ બદલો લેવાની એવી જ ઇચ્છા થાય જેવી ક્રિશ્ચિયનોને ઇચ્છા થાય. સર્વે મનુષ્યોનું ભાવ વિશ્વ સમાન જ હોય છે.

ઉપરોક્ત ઉક્તિમાં શાયલોક દ્વારા નાટ્યકાર શેક્સપિયર એ બાબત પ્રત્યે સર્વેનું ધ્યાન દોરે છે કે યહુદીઓમાં પણ એજ પ્રકારની શારીરિક સંરચના, મનોભાવો, મનોવલણો, ઉન્માદો અને લાગણીઓ ધરાવતા હોય છે. જેવી રીતે ક્રિશ્ચિયન ધરાવતા હોય છે. યહુદીઓ પણ તેવો જ ખોરાક લેતા હોય છે. હથિયારથી તેવી જ રીતે ઘાયલ થતા હોય છે, તેવી જ બિમારીના શિકાર થતા હોય છે અને તેવી જ બિમારીમાંથી સાજા થતા હોય છે. જે રીતે ક્રિશ્ચિયનોને આ બાબતો લાગુ પડે છે. ઋતુઓનું ચક્ર યહુદીઓને એ જ પ્રમાણે અસર કરતું હોય છે. જે રીતે તે ક્રિશ્ચિયનોને અસર કરતું હોય છે.

શાયલોક પોતાના આ પ્રમાણેના વિધાન દ્વારા નાટકના પ્રેક્ષકો અને વાચકોને અભિભૂત કરીને એક સબળ પાત્ર તરીકે ઉપસી આવે છે અને પ્રેક્ષક તથા વાચક વર્ગની સહાનુભૂતિ મેળવવામાં સફળ રહે છે. સાથે સાથે શાયલોક પ્રત્યેના વ્યવહારમાં જો કોઈ ભૂલો એન્ટોનિયો દ્વારા થઈ છે તે પણ ઉદ્દઘોષિત થાય છે પ્રસ્તુત વાકયોમાં નાટ્યકાર શેકસયિપર માનવ સંબંધોમાં માનવતાનો મહિમા ઘોષિત કરે છે

---

(મો) ૮૩૨૦૧૯૫૨૮૨

॥ પ્રેરક ॥

## આળસથી અળગા રહીએ

**અશોક સોમપુરા**

यतेत नैव कालेपि क्रियां कर्तु च सालसः ।
न सिद्धिस्तस्य कुत्रापि स नश्यति च सान्वय ॥

જે મનુષ્ય સમય હોવા છતાં કરવા યોગ્ય કામ કરવા માટે પ્રયત્નશીલ થતા નથી, તેનું નામ જ આળસુ. આળસુને કોઈ કામમાં સફળતા મળતી નથી, પરિણામે વંશ સહિત નાશ પામે છે.

શ્રમ અને સક્રિયતાને ઉજાગર કરતી આ વાતને આપણે ફરી એકવાર વિચાર લઈએ. જેમકે...

- સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે નહાય.
- આળસ એ જીવતા માણસની કબર છે.
- આળસુ માણસ પશુ સમાન છે.

उद्यमेन हि सिध्यन्ति कार्याणि न मनोरथैः ।
न हि सुतस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः ॥

આવો, આળસ અને શ્રમના દ્વંદ્વયુદ્ધને જરા ઊંડાણથી અને આગવી રીતે સમજીએ.

વિકાસ પામેલા વિશ્વમાં જડ અને ચેતન એ બન્નેમાં સમાવિષ્ટ થતાં બધાં જ તત્ત્વો, અંગો-ઉપાંગો અને વિભાગોએ ખૂબ સારું કાઠું કાઢ્યું છે. પરંતુ માનવીના અનુભવે એ બાબત સાબિત કરી આપી છે કે, દરેક ચેતના, દરેક સજીવ, દરેક સારી પ્રણાલી અને પરંપરાઓને જડ તત્ત્વની ઉધઈ લાગી છે. આથી સારી રીતિ-નીતિ, પદ્ધતિ કે સરળતાને માણસ પામી શકતો નથી. માણસની ચેતના, વિચારો તેની ભાવના કે તેનું આચરણ સારા પરિણામ સુધી પહોંચતું નથી. જ્યારે કોઈ કાર્ય સારું પરિણામ સુધી પહોંચતું નથી એટલે તે નિરાશા તરફ વળે છે. આવી નિરાશા આળસ અને દરેક સારી બાબતની ઉપેક્ષાનો સંગ્રહ કરે છે. જે આખરે સ્થૂળ જીવન તરફ વળે છે. પરંતુ, જો તે આળસ ખંખેરી પોતાના વિચારો-વ્યવહારમાં વ્યાપેલ જડતા કે અજ્ઞાનતાને દૂર કરવાનો પ્રયત્ન કરે તો તે પછી તેના જીવનમાં ઉઘાડ આવે છે. સ્થૂળતા અને આળસ ઓછી થાય છે. તેનામાં જોમ અને ઉત્સાહનો ઉમેરો થાય છે. વિસર્જનના આરે ઊભેલા તેના નિરાશ વિચારો સારા જીવન માટે સક્રિય બને છે. આ માટે તેણે ધીરજ રાખી, હિંમત હાર્યા વગર, પોતાનો આત્મવિશ્વાસ વધારવો એ તેને માટે ઇચ્છવાજોગ છે.

આળસ અને શ્રમના બન્નેના વિરોધ વચ્ચે આળસ કેવી રીતે ઊગી નીકળે છે. તેનો પણ વિચાર કરીએ.

### આળસની શરૂઆત

માણસમાં આળસ થોરની જેમ ઊગી નીકળે છે. બાળપણથી જ તેની શરૂઆત થાય છે. જેમ કે... જો બાળકને એમ કહેવામાં આવે કે...

- આ પાણીનો પ્યાલો રસોડામાં મૂકી આવ... તો તે આળસને કારણે કહેશે કે હા... હું... પછી મૂકી દઈશ.
- આ તારા પુસ્તકો, નોટબુકો, કંપાસ વગેરે દફતરમાં ભરી દે... તો તે આળસના કારણે કહેશે કે.. હા.. હું.. હમણાં ભરી દઉં છું.
- ચાલ હવે નાહવા જા... તો તે કહેશે કે હા... હું... હમણાં નાહવા જાઉં છું.
- શાળાએ જવાનો હમણાં સમય થશે. તૈયારી કરી તો કહેશે કે હજી થોડી વાર છે. હમણાં તૈયાર થાઉં છું. વળી .... શાળાના ઘરકામ કે પરીક્ષાની તૈયારીમાં પણ તે આળસ કરતો થાય છે. આમ ધીમે ધીમે મોટપણે તેનામાં આળસનું તત્ત્વ ઘર કરી જાય છે.

આ પ્રકારની આળસ માટે તે ગંભીર હોતો નથી.પોતાના ધંધા-રોજગાર-વ્યવસાયમાં નાના-મોટા કામને સમયસર પૂરું કરવાની તે ચીવટ રાખતો નથી. પોતાની નોકરીમાં પણ આવી આળસના કારણે તેના વ્યક્તિત્વની છાપ બગડે છે. તેના ઉપરી અધિકારીનો


ISSN 0976-9609

ઠપકો પણ સાંભળવો પડે છે. આ જ પ્રમાણે ધંધા-વ્યવસાયમાં નિયમિતતાના અભાવે બજારમાં ઝાઝો સમય તેને ટકવામાં મુશ્કેલી પડે છે. આવી આળસને કારણે ગ્રાહકો ઘટતા જાય છે. ધંધા-વ્યવસાયની ગતિ ધીમી પડતી જાય છે. પોતે આપેલ વાયદાનું સમયસર પાલન ન કરવાથી તેની છાપ બગડે છે. જેની સીધી અસર તેની આવક ઉપર પડે છે. આર્થિક સંકડામણ અને અને તેને અનુસાંગિક બીજી બાબતો ધીમી પડતા તેનામાં પરેપૂરી નિરાશા વ્યાપી જાય છે.

उम्र-भर सोचा कि
ये कर लेंगें - वो-कर लेंगे
एक दिन तौबा कर लेंगे
मौत युं आइ कि तौबा रह गई हम चल दिए ।

(તૌબા એટલે પ્રાયશ્ચિત કરવું-ક્ષમા માંગવી)
સંદર્ભ (जीने के उसूल - शिवखेडा)

આથી આપણે એ જરૂર સ્વીકારવું રહ્યું કે, આળસથી જીવનમાં નિરાશા વ્યાપે છે. તેની શક્તિઓનો ઉચિત ઉપયોગ થતો નથી. જે તેના સ્વભાવ અને વિકાસને રૂંધે છે. જીવનના વિકાસ સાથે નિસબત રાખનારા સૌએ સારા ધ્યેયને ઓળખી તેને સિદ્ધ કરવા સક્રિય થવું જરૂરી છે.

**આળસને દૂર કરવાના સામાન્ય ઉપાય** : માણસે આળસ ત્યજી દેવી જોઈએ. આળસ રાખી કામથી દૂર ભાગનાર ક્યારેય સુખ કે સફળતા પામતો નથી. આળસ દૂર કરવા સૌથી પહેલા માનસિક રીતે તૈયાર રહેવું જોઈએ. સમયના મૂલ્યને સમજવું જોઈએ. સમય મૂલ્યવાન છે. આળસ રાખી તેને વેડફી ન દેવાય. સમયની એક એક પળનો સદ્ઉપયોગ પૂરતી સમજણ સાથે કરવો જોઈએ.

જીવનમાં સુખ, સફળતા, સારુ શિક્ષણ, નોકરી કે વ્યવસાયમાં ઉચ્ચતમ સ્થાન મેળવવા માટે આળસ દૂર કરી ઉદ્યમી બનવું જોઈએ. જીવનની દરેક ઘટનાને શુભ બનાવવા આળસ ત્યજી ઉદ્યમી બનવા પ્રયત્ન કરવો જોઈએ.

"आलसी को सब काम कठिन लगते हैं ।
परिश्रमी को आसान ।

આળસને દૂર કરવા નીચેની પંક્તિઓ આપણને સક્રિયતા તરફ વાળે છે. જેમ કે ... કલ કરે સો આજ કરે, આજ કરે સો અબ કર. વળી.... આ કામ હું કાલે કરીશ એમ આળસ રાખનારા અને વર્તમાનની ક્ષણોને નિરાંતવાળી બનાવવા એ વાત પણ જરૂર યાદ રાખે કે...

ખબર નહિ હૈ પલ કી... ઔર બાત કરે કલકી.

આથી આળસને દૂર કરવા મહેનતને પ્રાધાન્ય આપો. કારણ કે મુશ્કેલીઓ સામે ઝઝૂમ્યા વિના સારી કારકિર્દી પ્રાપ્ત થતી નથી. બીજુ અગત્યનું એ પણ બની રહે છે કે આળસને દૂર કરી આવેલી ઉત્તમ તકનો લાભ લો. એ વાતને જરૂર યાદ રાખો કે તક તો સાવ મફતમાં મળે છે. જો એ ચૂકી ગયા તો પછી એ મોંઘી લાગે છે. તકને નજર-અંદાજ કરનાર... પડશે એવા દેવાશે એવો વિચાર કરે છે. જે તેના માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

વિશેષમાં આળસને દૂર કરવા માટે નવું નવું શીખવાની આદત રાખો, જે ભવિષ્યમાં તમને ખૂબ ઉપયોગી બની રહેશે.

નઈ ચીજ શીખને કી જિસને
આશા છોડ દી, વહ બૂઢા હૈ ।
- વિનોબા ભાવે

તો આવો, આપણે આળસને દૂર કરીએ. આપણા સ્વભાવમાં મહેનત અને જિજ્ઞાસાને સ્થાન આપીએ. સમયના મૂલ્યને સમજીએ, તકને ઓળખીએ, શ્રમના મહત્ત્વને સમજીએ, પોતાના કાર્યમાં તેને જોતરીએ અને 'આરામ હરામ હૈ' એ ઉક્તિને આપણા જીવનમાં ઉતારીએ.

---

૧૮૪, તપોવન સોસાયટી, વિભાગ-૨,
અનિલ મિલ રોડ, આધુનિક સોસાયટી સામે, સરસપુર,
અમદાવાદ-૩૮૦૦૧૮ (મો) ૯૪૨૬૫૨૫૨૪૨

## ।। સમીક્ષા ।।

## વક્રોક્તિ સિદ્ધાંતની દૃષ્ટિએ "વાની મારી કોયલ"

**મનિષાબેન એમ. વાઘેલા**

"વાની મારી કોયલ" ગુજરાતી ભાષાના એક લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકાર ચુનીલાલ મડિયાની "ઘૂઘવતાં પૂર" (૧૯૪૫) સંગ્રહમાં પ્રગટ થયેલી એક ધ્યાનપાત્ર ટૂંકી વાર્તા છે. સૌરાષ્ટ્રના અમરેલી પંથકના લોકજીવનની એક સહજ ઘટનાને એમણે પ્રસ્તુત વાર્તામાં ઉદ્‌ઘાટિત કરી મનુષ્યના હૃદયને સ્પર્શ કર્યો છે. યુવાન વયનાં સ્ત્રી-પુરુષના જીવનનું એક પરિસ્થિતિજન્ય જાતીય સ્ખલન વસ્તુસ્થિતિને કઈ હદે વણસાવી દે છે, એનો બોધ આ વાર્તા દ્વારા આપણને મળે છે.

અનુકૂળ અને ઉત્તેજક સંજોગોના બળથી માનવીમાં ક્યારેક અણધારી જ કામવાસના જાગૃત થઈ ઊઠે છે, આ પ્રબળ વાસના આગળ માનવી પોતાની તમામ સદ્‌બુદ્ધિ ખોઈ બેસે છે આવા સમયે અઘટિત કૃત્ય કરવાની કોઈ પૂર્વ યોજના માનવીના મનમાં ન હોવા છતાં માનવી પાપ અને પતનમાં લાચાર બની ધકેલાઈ જાય છે, આવા આવેગભર્યા કૃત્યનો ઉગ્ર દંડ એને ભોગવવો પડે છે માનવીની આવી કરુણ નિર્બળતાની વાત લેખકેના પાત્ર દ્વારા અહીં નિરૂપી છે.

રવા પટેલની એક અને ભારે લાડકી પૌત્રી સંતી યુવાન અને સાથે સાથે રૂપાળી પણ હતી. ઘટના ઘટી તે પહેલા તેના મનમાં કંઈ જ ન હતું. સંતી પોતાના આણાની આગલી સાંજે ખેતરે દાદાને 'અમલ' એટલે અફીણનું પડીકું આપવા આવી ત્યાં તે ફક્ત આણાના જ ખ્યાલોમાં ખોવાયેલી હતી, પ્રથમ વાર આણે જઈ પતિ-સુખનો એક રોમાંચક અનુભવ વ્યાપી રહ્યો હતો. ગોવો ગળિયારાની છાપ પણ તે વખતે સંતીના મનમાં ન હતી. આ બાજુ ગોવો ગળિયારો પણ સંતીથી અજાણ હતો. તે યુવાન સ્ત્રીને આકર્ષી લે તેવો સ્વરૂપવાન હતો.

સંતી અને ગોવો બને એકબીજાથી અજાણ હતા પણ બંને વચ્ચે જે કાંઈ બન્યું તે કેવળ આકસ્મિક અણધાર્યું અને આવેગમય જ હતું.

સંતીના આ કૌમાર્યભંગ માટે જો કોઈ જવાબદાર હોય તો કેવળ અનુકૂળ ઉત્તેજક સંજોગો અને વાતાવરણ જ હતા. દાદાને અફીણ પહોંચાડવા સંતી ખેતરમાં આવી ત્યારે શિયાળાની સાંજ નમવા આવી હતી. રાત્રે કથા હોવાથી ચિચોડો બંધ રાખવાનો હતો. મજૂરો અને ખેડૂતો કામમાં પરોવાઈ ગયા હતા. સંતી તેમને મદદ કરવા બેઠી. સવારે આણું થવાનું હતું તેના હરખમાં સંતીએ કોરો અને અક્કડ ઘાઘરો પહેર્યો હતો. સંતી અને ગોવાની વચ્ચે ગીતોની રમઝટ ચાલે છે. બાજુના માંડવામાં બેઠેલા ગોવાને કોયલ જેવો કંઠ સંભળાય છે અને તે તરફ તેનું ધ્યાન દોરાય છે સંતીને જોઈ ગોવો પણ ગાઈ ઊઠે છે.

"કોયલડી રંગભીની" સાંભળીને તો સંતીના મનમાં ગોવા માટે ઘેન ચડવા માંડયું અને તે ભાન પણ ભૂલી ગઈ. જ્યારે કામ પત્યું ખેડૂતો તેના ઘરે ગયા ત્યારે ખેતરમાં ફક્ત ગોવો અને સંતી જ રહ્યા હતા. બંને એકબીજાને ઉદ્દેશીને ગીત ગાવા લાગ્યા.

સંતી કહે છેઃ

"એકલા એકલા જ ગોળ ખાધો છે ને? એકલપેટા !"

ગોવો....

"એકલ માણસ તો એકલપેટો જ હોય ને? એ બીજું પેટ ક્યાંથી કાઢે ?"

એ બીજું પા ક્યાંથી કાઢે........

ગીત ગાતાં ગાતાં બંને વાતચીત પર આવી ગયા. અંતિમ પરિણામની બંનેને કલ્પના પણ ન હતી. બંને વાસનાના ઊંડા જળમાં ધીમે ધીમે ડૂબતા જતા હતા. નેણસી ભગત પોતાના અમલનો વખત વીતી જવાથી વારંવાર સંતીના નામની બૂમો પાડતા, પણ ગોવો અને સંતી વાતોમાં મસ્ત હતા. સંતીએ પોતાના હાથ પર ચિતરાવેલ "કુંજલડીનું ત્રાજવું" અને ગોવાએ પોતાના હાથનું ચિત્ર પણ સંતીને બતાવ્યું...... આમ


ISSN 0976-9609

બંનેને એકબીજાનો સ્પર્શ થયો. ઇચ્છા વિરુદ્ધ બંને ડૂબતા હોય એવી સ્થિતિ સંતી અને ગોવાની હતી.

શિયાળાની સાંજ રાતમાં પલટાઈ રહી હતી. આકાશનો સફેદ ચાંદ ફિક્કો પ્રકાશ ફેલાવતો હતો હિમ જેવો ચમકારો વર્તાતો હતો. નિર્જન ખેતર, પહેલી રાતનું ચાંદરણું, સાસરવાસની કલ્પનાથી વિકારગ્રસ્થ બનેલું સંતીનું મન, રસિક રૂપવાન પુરુષનો લોભામણો મેળાપ, બેપરવાહી અલ્લડપણાના અતિશય લાડ અને છૂટછાટ આ બધાથી સંતી હારી ગઈ, ગોવાની સ્થિતિ પણ સંતી જેવી હતી બંને દિશાશૂન્ય બની ભાન ભૂલ્યા, સંતી અને ગોવાએ આખરે પોતાના પવિત્ર દેહને અભડાવ્યો. નબળાઈની આ એક જ ક્ષણે સંતીના અત્યાર સુધીના પવિત્ર જીવન પર પાણી ફેરવી દીધું.

આમ, વાર્તાના અંતમાં સંતીના કૌમાર્યભંગ માટે સંજોગોને જ જવાબદાર ગણવા જોઈએ. ઘડી પહેલા પોતાના કલરવથી પિતાનું ઘર ગુંજવતી એકાએક હંમેશાના માટે ચાલી નીકળે છે, દાદા માટે તૈયાર કરેલ અફીણ પોતે પી જાય છે અને પરલોક તરફ પ્રયાણ કરે છે. સંતીનું અણધાર્યું અકાળ મૃત્યુ એને સાચા અર્થમાં "વાની મારી કોયલ" બનાવી છે.

આપણે સાહિત્ય-કૃતિની સમીક્ષા પશ્ચિમના માપદંડોના આધારે કરીએ છીએ. જેમાં કથાવસ્તુ, પાત્રસૃષ્ટિ, સમતુલન, પરિવેશ, ભાષાકર્મને ધ્યાનમાં રાખીને કૃતિલક્ષી વિવેચન થાય છે, પરતું સાહિત્યકૃતિને વધારે અર્થક્ષમ રીતે જોવા ભારતીય સાહિત્ય મીમાંસાના માપદંડથી વાર્તાનું વિવેચન ત્રણ રીતે આપણે કરી શકીએ છીએ (૧) ભાવકની દૃષ્ટિથી રસ સિદ્ધાંત (૨) કૃતિની દૃષ્ટિથી ધ્વનિ સિદ્ધાંત, (૩) કવિની દૃષ્ટિથી વક્રોક્તિ સિદ્ધાંતને તપાસી શકાય છે. આ વાર્તામાં વક્રોક્તિ સિદ્ધાંતના આધારે કૃતિને તપાસીએ.

"વાની મારી કોયલ" એક ટૂંકી વાર્તા છે. એમાં જે સૌંદર્યની ચમત્કૃતિ પ્રગટી છે એને આચાર્ય કુંતકની વક્રતાની દૃષ્ટિએ પદપૂર્વાર્ધ વક્રતા, વાણીવક્રતા, ઉપચાર વક્રતા, વિશેષણ વક્રતા, રસ-પરિવર્તન વક્રતા, સમાપન વક્રતા, નામકરણ-વક્રતા, વર્ણવક્રતા, શબ્દવક્રતા એમ જુદી જુદી રીતે જોઈ શકાય છે.

**વર્ણવિન્યાસ વક્રતા :**

(૧) 'ધરતીએ પણ પેટ કાઢ્યું છે ને કાંઈ ! ધૂળમાંથી ધાન પકવે છે ! ભોમકાને કુંવારી 'અમથી નહિ કીધી હોય !'

પ્રસ્તતુ વાક્યમાં 'ધ' અને 'ક' વર્ણના ક્રમિક આવર્તન વર્ણવિન્યાસ પદ સૌંદર્ય ચમત્કૃતિ પ્રગટાવે છે. (પૃ:૬૦)

આ જ રીતે વર્ણવિન્યાસ વક્રતાના ઊડીને આંખે વળગે એવા બીજા કેટલાક દૃષ્ટાંત આ રહ્યા.

(૨) ચૈતર ચંપો મ્હોરિયો ને મ્હોર્યાં દાડમ દ્રાખ, કોયલડી ટૂટ્ટ્ઊકા કરે, કાંઈ બેઠી આંબા ડાળ. (પૃ.૬૧)

(૩) ગાતાં ગાતાં જ સંતી ગોવાના માંડવા નજીક પહોંચી ગઈ હતી. ગોવો તો પહેલાં છેલ્લા સૂરજ-કિરણોએ ગુલાલ છાટી મૂકેલા ઘાટીલા ફૂલગુલાબી માની ઈશ્વર થોડીવાર પહેલા તંદ્રામાં ઊભો હતો. પછ્વાડે બૂંગણનો છેડો ઊંચો કરીને સંતીએ ટૂંકો કર્યો (પૃ:૬૫)

(૪) "મારા વાડામાં ગળ છોડવા કોયલડી રંગભીની !" ઈ તો ખાય લચકા લાળ, કોયલડી રંગભીની"! (પૃ:૬૫)

પ્રસ્તુત ટૂંકી વાર્તામાં સહજ રીતે પર્યાયવક્રતા, રૂઢિ-વૈચિત્ર, સંવૃતિ, ઉપચાર, વિશેષણ, ઇત્યાદિ પદ પૂર્વાધ વક્રતાના પેટા પ્રકારો જોઈ શકાય છે.

★ **પર્યાય-વક્રતા :**

**(૧) રૂપાળો**

"ખાનારા ક્યાં ઓછાં **રૂપાળાં** છે, તે ગોળ રૂપાળો ન રંધાય ?" (પૃ:૬૫)

અહીં ગોવો અને સંતી એકાંતમાં વાડીએ મળ્યા છે, ત્યાં સંધ્યાકાળે 'ગોળ રૂપાળો' કરી સંતીના

વખાણ કરવાની ચાતુરી દર્શાવાય છે. અહીં, ગોળ રૂપાળો ન હોય. રૂપાળું તો કોઈ વ્યક્તિ હોય.

ગોવાને અભિપ્રેત છે સંતીનું રૂપ. પરંતુ એ પરોક્ષ રીતે ગોળને રૂપાળો વિશષેણ આપીને સંતીના દેહસૌંદર્યથી પોતે મોહિત થયો છે એમ જણાવે છે. અહીં વિશેષણ વક્રતાનો સહજ વિસ્તાર પ્રમાણી શકાય છે.

(૨) **સાચક માણસ :**

આ જ રીતે સંતીના દાદા નેણશી ભગતને માટે વાર્તાકાર કહે છેઃ

કેટલાક ભાવિકો ભગતને **સાચક** માણસ ગણતા. તેઓ સંસારમાં હોવા છતાં સાધુ જેવા રહેતા હોવાથી ઘણા માણસોને તેમની સાચકતામાં શ્રદ્ધા બેઠેલી. આંખો ગઈ હોવા છતાં આંગળી સૂંઘીને માણસ પારખી કાઢવાની ભગતની આવડતે ઘણા નાસ્તિકોને પણ મુગ્ધ કરેલા. (પૃઃ૬૩)

અહીં, મડિયાએ સંતીના દાદાના વ્યક્તિત્વના સત્યનિષ્ઠ ભાવને વ્યક્ત કરવા એમને સૌરાષ્ટ્રની બોલીનો શબ્દ સાચક માણસ પસંદ કર્યો છે. લેખક તેની જગ્યાએ તેના પર્યાય શબ્દો 'હૃદયનો ચોખ્ખો', 'સત્યનિષ્ઠ', 'ખુલ્લા દિલનો', 'પ્રામાણિક માણસ' આવા શબ્દો પણ ઉપયોગ કરી શકતા હતા, પરંતુ તેમને સાચક માણસ શબ્દો ઉપયોગ કર્યો તે એકદમ ઔચિત્ય-પૂર્ણ છે.

(3) **માયા :**

"પીઓ મારા બાપ ! પીઓ ! ધરવ કરીને પીવો ! ધરતીના પેટની આ બધી **માયા** છે. ધરતીના છોરુ એનો ધરવ નહીં કરે તો બીજું કોણ કરશે ? ધરતીને ધવાય એટલું ધાવી લ્યો; કોને ખબર છે કાલની ?" (પૃઃ૬૩)

અહીં માયા શબ્દના પર્યાય શબ્દો જેવા કે 'અવિદ્યા', 'શક્તિ', 'પ્રકૃતિ', 'અજા', 'અસાધારણ શક્તિ કે જ્ઞાન', 'અક્કલ બુદ્ધિ', 'સાધિકા', 'આદિ શક્તિ' ઉપયોગ કરી શકાય પરંતુ 'માયા' શબ્દ ઔચિત્યપૂર્ણ લીધેલ છે એમ કહી શકાય.

★ **સંવૃતિ-વક્રતા :**

ઓગળેલા અફીણની વાડકી હોઠે મૂકીને ગટગટાવી ગઈ. (પૃઃ૬૮)

અહીં લેખકે ક્યાંય કહ્યું નથી કે સંતીએ આપઘાત કર્યો (મૃત્યુ પામી). સંતી વાડકાનું અફીણ પી ગઈ સ્મશાનમાં તેનો મૃતદેહ બળી ગયા પછી તેની ધોળી રાખ બતાવાય છે ત્યાં સમજાઈ જાય છે કે સંતી મૃત્યુ પામી છે અહીં સંતીએ આપઘાત કર્યો છે એ ચેષ્ટા વાડકી ગટગટાવી ગઈ દ્વારા સૂચિત કર્યું છે. અહીં સંવૃતિ વક્રતાનું નિરૂપણ થયેલું છે.

★ **ઉપચાર-વક્રતા :**

(૧) **માણસોથી ખદબદતું ખેતર. (પૃઃ૬૫)**

ખેતર ક્યારેય ન ખદબદે. પરંતુ અહીં લેખકે ખેતરને માણસોથી ખદબદતું આલેખીને નિર્જીવ વસ્તુને સજીવ દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે અહીં ઉપચાર વક્રતા જોઈ શકાય છે.

★ **વિશેષણ વક્રતા :**

(૧) પોચી પારેવડી (પૃઃ૬૬)

(૨) નાનકડી કુંજડી (પૃઃ૬૬)

અહીં લેખકે સંતી માટે જુદા જુદા વિશેષણો વાપરી વિશેષણ-વક્રતા દર્શાવી છે.

★ **વાક્યવક્રતા**

વાક્યવક્રતા એટલે શબ્દ અને અર્થના અલંકારો. 'વાની મારી કોયલ'માં સહજ રીતે વાક્ય વક્રતા પ્રમાણી શકાય છે.

(૧) 'ગોળ તો રૂપાળો **સોનાની વીંટી** જેવો રાંધ્યો છે ને !' (પૃઃ૬૫)


ISSN 0976-9609

અહીં વાર્તાકારે ગોળને ગૃહસ્થાશ્રમનું પ્રતીક સોનાની વીંટી જેવો કહ્યો છે, જે લગ્નજીવન જાતીય સુખ સાથે સંકળાયેલ છે.

(૨) પવનપાંખે ઉડતું હરણનું બચ્ચું ઓચિંતુ વેંત જ સામે શિકારીને જોતા ફફડી ઊઠે એમ ગોવાની હાજરીમાં સંતી ફફડી ઊઠી.

સંતીની આવી સ્થિતિનું કારણ સાંજનો સમય, ચિચોડો બંધ હતો, પરસ્પર વિજાતીય આકર્ષણ, એકાંત, સ્થળ, સમય જવાબદાર છે.

(૩) નવપલ્લવિત ભગતની બટમોગટાની કળીશી તેની અણબોટી દેહલતામાંથી કોરી ધરતી ઉપર વર્ષાછાંટ પછીનો આછો આછો મીઠો પમરાટ મહેકવાને બદલે ભગતને પહેલી જ વાર પરસેવાની ખાટી વાસ આવી.

અહીં લેખકે કુંવારી કન્યા જેને જાતિય જીવનનો કોઈ અનુભવ નથી એવી અપર્ણિત યુવતીનું દૃષ્ટાતં બતાવવા બટમોગટાની કળી શબ્દનો પ્રયોગ કર્યો છે જ્યાં સંતીના શરીરમાંથી નેન્સી ભગતને પહેલીવાર ગોવાના પરસેવાની ખાટી વાસ આવી તેથી દાદાને સમજાઈ ગયું કે ન બનવાનું બન્યું છે.

(૪) ઓતરાદે શેઢે પ્રસ્થાન કરવાને બદલે આથમણી દિશામાં સ્મશાન ભણી વળ્યો. (પૃ:૬૮)

(૫) "ફૂલ ફગરનો ઘાઘરો સિવડાવ્યો શુક્વાર પહેર્યો ને વળી પહેરશું કાંઈ સાસરને દરબાર"

અહીં, વાર્તાકારે સંગીત ગાઈને વાણી વક્રતા દર્શાવી છે. (પૃ:૬૪)

★ **શબ્દવક્રતા :**

(૧) સોયની અણીના ખમી શકે એવી પારેવડી ક્યાંથી થઈ ? (પૃ:૬૬)

(૨) ગોળ તો સોનાની વીંટી જેવો રાંધ્યો છે ને ? (પૃ:૬૫)

(૩) ખાનારા જ રૂપાળા ઓછા છે કે ગોળ રૂપેરો ના હોય ? (પૃ:૬૫)

★ **પ્રકરણ-વક્રતા :**

(૧) સંતી નેણશી ભગતને અફીણ આપવા મોડી મોડી પહોંચે છે.

સંતીનું મોડા પહોંચવાનું કારણ ગોવા સાથેની ક્ષણો સ્ખલન જે નિર્ણાયક ક્ષણ છે. આનાથી વાર્તાને એક વળાંક મળે છે. અને વાર્તાનો મર્મ પણ આ ક્ષણમાં રહેલો છે અને તેનું પરિણામ આપઘાત સુધી પહોંચે છે.

**રસ પરિવર્તન-વક્રતા :**

પ્રસ્તુત ટૂંકી વાર્તા એક સુનિબદ્ધ પ્રબંધ બને છે, જેમાં રસ પરિવર્તન વક્રતા, સમાપન વક્રતા તેમજ નામકરણ વક્રતા જેવી પ્રબંધ વક્રતાના પેટા પ્રકારોનો આસ્વાદ જોવા મળે છે.

વાર્તાનો મુખ્ય રસ શૃંગારરસ છે એ તો સમજી શકાય છે, પરંતુ વાર્તાનું પર્યાયસાત ઘેરા કરુણ રસમાં થાય છે.

નેણશી ભગત પોતાની દીકરીને દીકરાની જેમ રાખે છે. સંતીને ખેતરમાં કામ કરતા ગોવાની સાથે પ્રણય થાય છે. શરૂઆતના બધા જ પ્રસંગો શૃંગારરસથી ભરેલા છે. જાતીય સ્ખલન થવાને કારણે સંતી પોતાના માટે તિરસ્કારની ભાવના અનુભવે છે. તે દાદા માટે લાવેલું અફીણ પોતે જ પી જાય છે ને મૃત્યુ પામે છે. દીકરીના કૌમાર્યભંગ થવાને લીધે નેણશી ભગતનું માનસિક સંતુલન ખોરવાઈ જાય છે, આ બધું જોઈને ગોવો ભાગી જાય છે. આ બધામાં ઘેરો કરુણ રસ અનુભવાય છે. અહીં સમાપન-વક્રતાની ચમત્કૃતિ પણ રહેલ છે.

**★★ શૃંગારરસના પ્રસંગો ★★**

વિભાવ : સંતી ગોવો, આલંબન વિભાવ
ઉદ્દીપન વિભાવ : ખેતર, સાંજનો સમય
અનુભાવ : ત્રાજવાના સ્પર્શનો પ્રસંગ
વ્યભિચારીભાવ : ગોવો અને સંતીના ચિત્તના અનુભાવો આ જગ્યાએથી ઝટઝટ ચાલ્યા જવા માટે એ ઘાઘરો સંકોરીને ચૂલા ઉપર ઊકળતી કડાઈ અને નજીક

ઊભેલા ગોવાની વચ્ચેથી ક્ષોભ અને સંકોચ સહ પસાર થવા ગઈ ત્યારે વાંભ એકનો લાંબો તવેથો લઈને ઊભેલા ગોવાનો હાથ સંતીની ખુલ્લી કેડ સાથે ભટકાયો અને સંતી ધ્રૂજી ઊઠી. એ ફફડાટ અને ધ્રુજારી ઓછી કરવા, સામી ચાકીમાં ગોવો અને સંતી ધ્રૂજી ઊઠે. એડ અને સુશ્વર ઓળી

સંયોગાત = આલંબન + ઉદ્દીપન + વ્યાભિ-ચારીભાવ + સંયોગાત + રસનિષ્પતિ

ઉદાહરણ : સંતીને ગાતી જોઈ ગોવો ગાય છે ને સાંજના સમયે ખેતરમાં પ્રકૃતિથી વિવશ બની ઇચ્છા વિરુદ્ધનું કૃત્ય કરે છે.

રસનિષ્પતિ : વાર્તા કરુણ રસમાં ગતિ કરે છે
કરુણ રસનો સ્થાયીભાવ શોક છે.

**નામકરણ-વક્રતા :**

દાદાએ સંતીને 'વાની મારી કોયલ' કહી છે. કારણ કે આપણે ત્યાં દીકરીઓ માટે વાત્સલ્યનો ભાવ છે, વાત્સલ્ય માટે દીકરીઓને ઉડણચરકલડી (જે ઉમાશંકર જોશીનું એક એકાંકી પણ છે) જેવા શબ્દોથી નવાજવામાં આવે છે. અહીં દાદાએ સંતીને કોયલ કહી છે, જેમાં વાત્સલ્યનો ભાવ રહેલો છે "વાની મારી કોયલ" લેખકે જે શીર્ષક આપ્યું છે તે એકદમ ઔચિત્યપૂર્ણ છે પ્રારંભમાં વાની શબ્દ છે. વાર્તાની શરૂઆત લેખક કરે છે. 'વાનીનો અર્થ' મરેલાની રાખ એવો થાય છે, અને વાર્તાનો અંત સંતની રાખથી સમજાય છે કે તેણે આપઘાત કર્યો ને મૃત્યુ પામી છે. આમ, લેખકે શરૂઆત અને અંતને બે જુદાજુદા શબ્દો ('વાની' શબ્દથી શરૂઆત 'રાખ' શબ્દથી 'અંત') એક જ વ્યંગ્યાર્થથી જોડી આપ્યો છે.

આમ, ભારતીય સાહિત્ય મીમાંસાના વક્રોક્તિ સિદ્ધાંતની સહાયથી કૃતિના મર્મ સુધી પહોંચી શકાય છે.

**સંદર્ભ સૂચિ :**

વક્રોક્તિ સિદ્ધાંત, નગીનદાસ પારેખ, સેક્ટર ભવન, અમદાવાદ.
"વાની મારી કોયલ" 'ચુનીલાલ મડિયાની વાર્તાસૃષ્ટિ'

શોધાર્થી
ત્રિકમનગર, ગામડી, આણંદ-૩૮૮૦૦૧
આણંદ (મો) ૮૪૬૯૫૦૫૧૨૦
Email. Vaghelamanisha683gmail.com

## ॥ વિદ્યાવૃત્ત ॥

### આઈસ્ટાર કૉલેજના પર્યાવરણ વિભાગનું ગૌરવ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની આઈસ્ટાર કૉલેજના પર્યાવરણ વિભાગના વિદ્યાર્થી ધ્રુવ મહેતાએ તાજેતરમાં અમદાવાદ સ્થિત સેન્ટ ઝેવિયર્સ કોલેજ આયોજિત રાજ્યકક્ષાની પ્રતિયોગિતા 'બાયોકેલિક્સ-૨૦૨૫ ધ ઈંટરવોવન અર્થમાં બાયોફિલ્મ-મેડીએટેડ ટ્રાન્સપોર્ટ ઓફ માઈક્રોપ્લાસ્ટિક્સ એન્ડ પોલ્યુટન્ટ્સ કંસ્ટ્રક્ટેડ વેટલેન્ડ એઝ એ સસ્ટેનેબલ સોલ્યુશન' વિષય પર સાયન્ટિફિક પોસ્ટર સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ધ્રુવ મહેતાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને પર્યાવરણ વિભાગ તેમજ સંસ્થાનું ગૌરવ વધાર્યું હતું. આ સિદ્ધિ બદલ આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. એમ.એમ.રાજ અને કૉલેજ સંયોજક ડૉ. જીગર પટેલ દ્વારા ધ્રુવ મહેતાને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

### ગો. જો. શારદા મંદિર

તા.૩૦/૦૮/૨૦૨૫ કલા મહાકુંભ - લોકવાર્તા પૂર્વા હિરેનભાઈ ભોપાળા જિલ્લા કક્ષાએ પ્રથમ કલા મહાકુંભમાં પ્રાદેશિક કક્ષાએ ભાગ લેશે.

## ।। પુસ્તક પરિચય ।।

## ગૌમહિમા વિશે સાહિત્યકારો

ભીખાભાઈ વી. દેસાઈ

ચંદ્રકાંત પટેલ 'સરલ' દ્વારા સંપાદિત પુસ્તક 'ગૌમહિમા અને ગૌવંદના'માં ગાયનું મહત્ત્વ રજૂ કરીને ગૌસેવા અને ગૌવંદનાના સંદેશાને જીવંત બનાવીને રજૂ કરવામાં આવ્યો છે. અહીં આપેલા વિવિધ લેખ દ્વારા સરળ ભાષામાં ગાયના ગુણોને ભાવપૂર્વક વ્યક્ત કર્યા છે, જેથી વાચકના હૃદયમાં ગૌભક્તિ જાગૃત થાય છે. આધુનિક યુગમાં જ્યારે પ્રકૃતિનું સંતુલન ખોરવાઈ રહ્યું છે. ત્યારે ગાયનું સ્થાન ખૂબ આબેહૂબ રીતે રજૂ થયું છે.

ગાય માત્ર ગૃહસ્થ જીવનનો આધારસ્તંભ નથી, પરંતુ માનવજાત માટે પવિત્રતા, આરોગ્ય અને જીવનસમૃદ્ધિનું પ્રતીક છે તે આપણને આ પુસ્તકથી સમજાય છે. ગાયના દૂધ, ઘી અને દહીં જેવા પવિત્ર આહાર જીવન માટે અતિ મહત્ત્વના છે. ગૌસેવા એ માત્ર પરંપરા નથી, પરંતુ માનવજાત માટે અમૂલ્ય આશીર્વાદ સમાન છે. ગૌવંદનામાંથી મળતી જીવનશક્તિ માનવીને આધ્યાત્મિક અને શારીરિક રીતે સમૃદ્ધ બનાવે છે તે વાત આ પુસ્તકના માધ્યમથી વધારે સારી રીતે સમજી શકીએ છીએ.

આ પુસ્તકના લેખોનું વૈવિધ્ય આપણને ગાયના સર્વાંગી મહિમાને સમજાવે છે. "લોકજીવનમાં પૂજનીય ગાય" અને "ગીર ગાયની ઓળખ" જેવા લેખો ગાયને સમાજજીવનમાં મળેલા સ્થાન પર પ્રકાશ પાડે છે. "ગૌ સંરક્ષક અને ગૌ સંવર્ધન" તથા "ગાયની વૈજ્ઞાનિક ઉપયોગિતા" જેવા લેખોમાં ગાયનું આધ્યાત્મિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ મહત્ત્વ સમજાવ્યું છે. અત્યંત ભાવનાત્મક લેખો પણ વિષય સૂચિમાં છે. જેમ કે "ભગવાન શ્રીકૃષ્ણનો ગૌપ્રેમ", "ગૌમાતાને પૂંછડે પાણી" આ લેખો વાચકના હૃદયમાં ગૌપ્રેમની ભાવના વધુ ગાઢ બનાવે છે.

જોરાવરસિંહ જાદવ, ડૉ.કાલિન્દી પરીખ, ડૉ. નિરંજન રાજ્યગુરુ, ડૉ.એમ.પી. કાકડિયા, ડૉ.પ્રદીપ રાવલ, ડૉ.મણિભાઈ પ્રજાપતિ, રાજુલ દવે, નયન ભટ્ટ, નટવર આહલપરા, દક્ષાબેન દવાવાળા, નવીન વાછાણી, દુર્ગેશ ઉપાધ્યાય તથા ભૂપેન્દ્ર શેઠ 'નીલમ', રમેશ પટેલ જેવા લેખકોના લેખોને સાચવતું આ પુસ્તક માત્ર ગૌમહિમાનું વર્ણન નથી કરતું, પરંતુ ગાયને આધ્યાત્મિકતા, વિજ્ઞાન, સંસ્કૃતિ, અર્થતંત્ર અને માનવજીવનના દૈનિક પ્રયોગોમાં કેવી રીતે અવિભાજ્ય સ્થાન મળ્યું છે, તે સંપૂર્ણપણે રજૂ કરે છે. તેમાંથી માત્ર જ્ઞાન જ નહીં, પરંતુ ગૌપ્રેમની ભાવના પોષાય છે. સાથે સાથે આ પુસ્તકમાં નજર નાંખીએ ત્યારે રંગીન પાનાંઓમાં આપેલ ગાયોના અને ગૌસેવકોના ચિત્રો પુસ્તકને આકર્ષક અને જીવંત બનાવે છે. આજના યુગમાં જ્યારે પ્રકૃતિ અને પરંપરાના મૂલ્યો ખોવાઈ રહ્યાં છે ત્યારે આવું પુસ્તક સમાજને ગૌમહિમાનું પુનઃસ્મરણ કરાવે છે.

**સંદર્ભ :**

**ગૌમહિમા અને ગૌવંદના :**

સંપાદક : ચંદ્રકાંત પટેલ 'સરલ' (પ્ર.આ.મે-૨૦૨૫),
પ્રકાશક : અનુસૂયા ગૌધામ ચેરિટેબલ ટ્રસ્ટ,
માણાવદર.

આસિસ્ટંટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ
નલિની-અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટ્સ કૉલેજ,
વલ્લભ વિદ્યાનગર, (મો) ૯૯૮૦૨૭૫૧૪૯

## ।। વિદ્યાવૃત્ત ।।

**બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય (ઓટોનોમસ), વલ્લભ વિદ્યાનગર :** (1) Dt. 12.8-2025 Patriotic Song Competition : Ms. Dipti Prajapati, Mr. Meet Pandav The name of winners in competition are as follow. 1st prize Vidhi Vasava (M.Com. Previous), 2nd Prize : Riya Panchal (FYBBA) 3rd prize : Payal Parmar (SYBBA)

## ।। નવલિકા ।।

## લીમડો

**પ્રવીણ પરમાર**

લીમડાની છાયા ગઈ એ સાથે બાપુની છાયા પણ ગઈ. બાપુની જૂની આરામ ખુરશીમાં બેઠો બેઠો ભરત કપાયેલા લીમડાના થડિયાને તાકી રહ્યો. દાદાના દાદાએ વાવ્યો હશે. એને ત્રણ ત્રણ માણસ હાથ પહોળા કરી બાથ ભરે તોય ના સમાય એવું જાડું થડિયું. હવે માત્ર ઠૂંઠું થઈને રહી ગયું. દાદાના ને બાપુના પ્રતિનિધિ જેવો હતો આ લીમડો. એનું મન વારે વારે એક જ પોકાર કરતું.

"બાપુ કુદરતી રીતે મર્યા હોત તો આ લીમડાને ભવસાગર તરી જાત. પણ આ તો પંચાયત વારા હાહરા..."

ભરતે છાનો નિસાસો નાખ્યો. લીમડાની યાદ એના ચિત્તતંત્રને ડહોળી નાખતી હતી. મનમાં ઊથલપાથલ મચી જતી. ડગલે ને પગલે આંખ આગળ લીમડો આળસ મરડી બેઠો થઈ જતો. તંદ્રાવસ્થામાં હળુંહળું થતા ઘેઘુર લીમડાને જોઈ રુંવાડાં નાચી ઊઠતાં પણ જેવી સભાનતા આવે કે એની છાતી પર સારડી ફરી જતી. ફળિયા વચોવચ એકલવીર જેવો હતો એ. સાતમા કોઠામાં બહાદુરીપૂર્વક લડેલા અભિમન્યુની જેમ લડેલો એ, પણ ના ફાવ્યો.

હજુ એ સવાર ભરતથી ભૂલી ભૂલાતી નહોતી. સવાર સવારમાં સરપંચ આવેલા. પોતે ઓસરીમાં બેઠો બેઠો લેસન કરતો હતો. બાપુ આરામ ખુરશીમાં બેઠા બેઠા છાપું વાંચતા હતા. છાપું એક તરફ મૂકી બાપુએ સરપંચને ખુરશી આપી. પોતે ઓટલી પર બેઠા. 'શું કામ હશે'ની અવઢવ થાય એ પહેલાં સરપંચે વાત મૂકી,

"માસ્તર લેંબડો કાપ્પો પડશે."

જાણે કોઈએ તલવારનો જનોઈવઢ ઘા કર્યો હોય એમ બાપુ હલબલી ગયેલા.

"જોવો માસ્તર, તમે તો શિક્ષિત છો. વધારે હમજાવવાના ના હોય. આ તમારા ટોળોંની આગર્ય પંચાયતનો કૂવો છે તોય પાંણીની આબ્ધા તમારા ફરિયાવારાને જ પહેલી છે. આપડે કૂવાના થડોંમ જ એક ટોંકી બનાયી દઈએ. એની નજીક તમને ચકલીયો મેલી આવશું એટલે તમારા આખા ફરિયાને પોંણીની શોન્તી. ને ફરિયામ હોવ પાઈપલાઈન આલી દઈશું એટલે જેને પૈસા ભરીન ઘરના ઓંગળે નર જોઈતો હોય એય લઈ હશે."

"પણ એમાં લીમડાને શું લેવાદેવા ? લીમડો શું કોમ કાપ્પાનો ?"

"માસ્તર તમે ભણ્યા પણ ગણ્યા ના. લેંબડો વેચીન જે પૈસા અવો એ, ને થોડી પંચાયતની આવત, એમ કરીને જ આ સગવડ થાય એમ છે."

"જુઓ સરપંચ સાહેબ, આ લીમડો મારા દાદાના દાદાએ રોપ્યો હશે કે કોઈ સાધુમાત્માએ એની મને ખબર નથી. પણ એ મને જીવથીય વ્હાલો છે.આખાય ફરયિમ તમને દેખાય છે એક છોડ હરખો ? હમ ખાવા પૂરતો ઝાડવાને નોંમેં આ એક જ લીમડો છે. એને તમે કાપ્પાની વાત કરો છો ? તમારે ઝેટલો વિકાસ કરવો હોય એટલો કરો અ ગોંમનો.. હેં આડી જીભ નઈ કરું. પણ આ લીમડાને કાપ્પાની વાત તો હમણામેંય ના કરતા."

સરપંચ લાલઘૂમ થઈ, પગ પછાડતો, મનમાં સામે મોઢે ના બોલી શકાય એવી ગાળો બબડતો જતો રહેલો.

એ પછી કરશન માસ્તર સૂનમૂન થઈ ગયેલા. પેટ ભરીને ખાય નહિ. જ્યારે જુઓ ત્યારે કોઈ ઊંડા વિચારમાં ગરક થઈ ગયેલા ગૂમસૂમ દેખાય. બાપુનું પડી ગયેલું મોં જોઈ ભરતને સરપંચ ઉપર ચીડ થતી. લીમડો કાપવાની વાતે જ બાપુના ગળે ડૂમો બાઝયો છે એ સમજતાં એને વાર ન લાગી. કેટલા સુખના દિવસો હવે આવ્યા હતા ! છેલ્લા ચારેક વરસથી દૂર ડુંગરાળ વિસ્તારમાંથી બદલી થઈને


ISSN 0976-9609

ગામની જ શાળામાં આવીને સ્થિર થયા હતા. પોતે એસ.એસ.સી. પાસ કરી દીધું કે તરત જ એમણે ફોઈ-ફુઆની સલાહથી પડખેના ગામના એક માસ્તરને વેવાઈ તરીકે પણ પસંદ કરી લીધેલા. બે ભેંસો દૂઝણી. ક્યારીની જમીનમાં ચારેક ચાયડાં પોતાનાં ને બે ગીરવી રાખેલાં એમાંથી ડાંગરની કોઠીઓ છલકાઈ જતી ને નોકરીમાં પણ ગોહિલ સાહેબ રિટાયર્ડ થાય એટલે પોતે આચાર્ય બનવાની અણી પર હતા. આમેય સિનિયર હોવાથી આચાર્યની બધી કામગીરી તેઓ જ સંભાળતા હતા.

પણ પેલા ભવનો વેરી હોય એમ સરપંચ લીમડો કાપવાનું ઝીલડું ઝાલીને બેઠો હતો. આખાય ઘરમાં ઉદ્વેગ ફેલાઇ ગયો. 'અમે બે, અમારાં બે'ના નારાને પોતાના જીવનમાં સાચો પાડનાર માસ્તરના નાનકડા સુખી પરિવારની જાણે ઉપરવાળાને પણ અદેખાઈ આવી ને સરપંચે ખોયણું ચાંપ્યું હતું. છોકરાં રમવું ભૂલી ગયાં. પતિપત્નીએ જાણે ભવોભવના અબોલા ધારણ કરી લીધા. આખાય ઘર પર એક કાળું વાદળું ભીંસ દઈને સ્થિર થઈ ગયું હતું. માસ્તર નીચી નજર નોંધીને કોઈની સાથે બોલ્યાચાલ્યા વગર ધૂની મગજના હોય એમ નિશાળે જતા-આવતા.

એક દિવસ નિશાળ જવાના સમયે વળી પાછો સરપંચ સામો ભટકાઈ ગયો. સાથે લક્ષ્મણસિંહ બાપુ ને મહેન્દ્રસિંહ બાપુ પણ હતા એટલે સરપંચે લાગ સાધ્યો ને માસ્તરની દુખતી રગ દબાવી. માસ્તર ગુસ્સાથી રાતાચોળ થઈ ગયા. કોઈની શેહશરમ રાખ્યા વગર ચોખ્ખું સંભળાવી દીધું.

"સાહેબ, આજ પછી લીમડો કાપવાની વાત ના કરતા. આ ગૌચર અને તળાવની પાળે કેટલાય ઝાડ છે... કાપો ને સગવડ કરો. મારા લીમડા પર જ ચોંદ માર્યો છે ?"

ને ત્યાંથી પરસેવો લૂંછતા ઝડપથી નિશાળ તરફ નીકળી ગયા. સરપંચ વાઢે તો લોહી ના નીકળે એવો થઈ ગયો. "લક્ષ્મણસિંહ બાપુની હાજરીમાં મને ઓંમ હંભરાઈ જ્યો લ્યા... તારી માનો..." સરપંચ મનમાં સમસમી રહ્યો. "અવે ઘી સીધી ઓંગરિયે નઈ નેંહરે..." એમ બબડતો મારકણા બળદની જેમ નસકોરાં ફુલાવતો ચોરે ગયો. ખુરશીમાં બેઠા વગર જ પંચાયતના રાવણિયાને ઉપરાછાપરી બેચાર બૂમો પાડી.

"મઠિયા... ઓ... મઠિયા..."

થાંભલીને ટેમે ઉભડક બેસી બીડી ફૂંકતો મઠિયો ફફડી ઊઠ્યો. બીડી હડફી દઈ 'સલોંમ સાયેબ' કહી સરપંચની આજ્ઞા સાંભળવા વિનયપૂર્વક ઊભો રહ્યો.

"હોંભર્ય... પેલા મંગર ધના ખરા ને ...એ, પછી કસના માસ્તરની જોડેના ઘેર ખેંગાર, ને પેલો રોહિતવાસ વારો લલ્લુ માસ્તર... એટલા જણોંન જલ્દી બોલાઈ લાય તાબડતોબ જા ... ને કહેજે, સરપંચે તાત્કાલિક બોલાયા છે."

મઠિયો ત્રણેયને બોલાવી લાવ્યો એટલે સરપંચે વાત માંડી,

"તમે પોંણી પોંણીની બૂમો પાડો છો પણ તમારા વારા જ આડા ફાટે છે, પછી પંચાયત સુ કરે ? પંચાયત પાહે કઈ રૂપિયોનોં ઝાડોં છે તે તોડી તોડીન કોંમોં કરાવવાનોં ? સગવડ જોઈતી હોય તો કૈંક તો છોડવું પડે ને ? આ તો કોઈ વાતે હમજવા જ તૈયાર નઈ... પછી અમે શું કરીએ ?"

"પણ વાત સુ છે ભૈશાપ ? ફોડ પાડીન વાત કરો તો હમજાય." મંગળ ધનાએ કહ્યું.

"આ તમાર ફરિયા વચ્ચે લેંબડો છે એની વાત. છેલ્લા છો મહિનાથી હું કસના માસ્તરને કહી કહીન થાચ્યો કે લ્યા આ લેંબડો કાપી લેવા દે. થોડી પંચાયતમેંથી મદદ કરીએ, ને બીજું આઘુપાછું કરીન ટોંકી બનાઇએ તો આખા ગોંમનો પોંણીનો પ્રશ્ન સોલ થઈ જાય."

તે કાપી નાખોને... એંમે સ્યુ પુસવાનું ?

ખેંગારે કહ્યું, એટલે લલ્લુ માસ્તરે પણ હાજીહા કર્યું.

સાંજે કરસન માસ્તરના આંગણામાં ફળિયાવાળા ભેગા થયા. મંગળ ધનાએ વાત ઉપાડી,

"કસના... પોંણીની તખ્લિત તો તુ જોવો સુ. તલાવડીમ હોવ અવે તો એક જ ખાબોચિયું રયું સે. કાલ્ય તો ઉં ડોબોં પીવડાવા જેલો તે રગડા જેવું. સ્યુ પીવે બચારોં ઢોરોંય ? આપડે પોંણીની સવલત થતી હોય તો મેલો દે ને આ લેંબડાની મમત."

જાણે હમણાં જ લીમડો કડડડભૂસ થઈ ગયો હોય એમ માસ્તર ધ્રૂજી ઉઠ્યા. એમનું મન જરાય પાછીપાની કરતું નહોતું. અરે કોઈ ગુંદર માટે કુહાડીનો જરાક અમથો ટચકો મારે તો જાણે એમની જાંઘમાંથી લોહીની ધાર વછૂટી હોય એમ કંપી ઉઠતા. ખાસી વાર સુધી એ મૂગામંતર બેસી રહ્યા. આખરે ના સહન થયું ત્યારે "જોયે તો મારું માથું વાઢી લો, પણ લીમડો કાપવાની વાત ના કરશો." એટલું બોલી વાડા તરફ જતા રહ્યા.

"માસ્તર ખરો જિદ્દી છે... હઠીલો છે..." કરતા ફળિયાવાળા છૂટા પડ્યા. સરપંચને કાને આ વાત પહોંચતાં એ ભૂરાંટો થયો હતો. નિશાળને દરવાજે માસ્તરને બોલાવી એલફેલ બોલવા લાગ્યો. ને ધમકી પણ આપી, કાલે કપાઈ નાખું છું લેંબડો, ઝે થાય એ કરી લેજે જા... ને અમને બધાય રસ્તા આવડે છે એ હમજી લેજે...

સરપંચના છેલ્લા વાક્યથી માસ્તર ફફડી ઉઠ્યા. એ વાતને વરસ વંટોળ વીત્યું હતું. હજી તો એ લોહીના છાંટા સુકાયા નહોતા. જમીનની અદાવતમાં એક જણાનું એના જ કાકાકુટુમ્બના માણસોએ સમી સાંજે મસાણિયા તરભેટે કાસળ કાઢી નાખેલું. પૈસા ને સરકારી વગવાળા માણસો એટલે કેસ કાગળ પર ઉતર્યો જ નહિ ને બધું સમેટાઈ ગયું. "ના...ના... મારા બે છોરા..." ભયથી માસ્તરનાં રુંવાડા બેઠાં થઈ ગયાં.

અચાનક માસ્તરને એમના બનેવી ખેંગારને લઈ બે દા'ડા વડોદરા મોટા દવાખાને રહેવું પડયું ને સરપંચે લાગ સાધ્યો. જમ જેવા ચાર નાયકો મોટા મોટા કુહાડા લઈ ફરી વળ્યા. કડડડભૂસ થઈ તોતિંગ લીમડો ઢળી પડ્યો. ને નમતા બપોરે તો અવેરાઈને લાકડાના પીઠે પહોંચી ગયો. માસ્તરે આવતાંવેંત જ થડિયામાં માથું પછાડ્યું ને પોક મેલી. આખું ફળિયું હબક ખાઈ ગયું. જાણે કોઈ મહાપુરુષ વીરગતિ પામ્યો હોય એમ વાતાવરણ ભારઝલ્લું થઈ ગયું. મંગળ ધનાએ પોતાની ભજનવાણીના મર્મ વડે માસ્તરને સાંત્વના આપવા પ્રયાસ કર્યો. દવાખાને બે દા'ડા ભજિયાં-ભુંસાથી કાઢેલા તોય માસ્તરને ગળે રોટલો ના ઉતર્યો. રહી રહીને એમની છાતી ફાડીને લીમડાની ડાળીઓ બહાર આવતી હતી. આખરે મનને હળવું કરવા કાગળપેન લઈ બેઠા ને સઘળો વલોપાત કાગળ પર કંડાર્યો. ત્રીજા દિવસે છાપાના એક ખૂણામાં નાનકડા સમાચાર હતાઃ "વૃક્ષારોપણ કે વૃક્ષાચ્છેદન ?"

માસ્તરનું મન જાણે ચિત્તભ્રમ જેવું થઈ ગયું હતું. કશી ગતાગમ પડતી નહોતી. વળીવળીને આંખ આગળ લીમડો ફૂટી નીકળતો હતો. ત્રીજા ધોરણમાં નમતી બપોરે પાઠ ભણાવવો ચાલુ કર્યો. ધ્યાન આપો બાળકો. આજે આપણે પાઠ ભણીશું, "ઝાંપાનો લીમડો" છોકરાં એક સાથે બોલી ઉઠયા, "ઝાંપાનો લીમડો નહિ સાયેબ, ઝાંપાનો વ...ડ..."

"હા...હા... ઝાંપાનો વડ.. પણ મને કેમ લીમડો વંચાય છે ?"

"ઉં કહું સાયેબ ? જેના મોઢા પરથી માખ ના ઊડે એવો એક વિદ્યાર્થી ડાયો બોલ્યો. આજ્ઞા મળતાં જવાબ આપ્યો. એ તો છે.. ને તે.. તમારા ઓંગળામ છે ને.. તે... લેંબડો હતો ને... એટલે..."

માસ્તર ઘડીભર માથું ખંજવાળતા નીચું જોઈ રહ્યા.

લોબી પરથી પસાર થતાં વીણાબેન એમની આ મુદ્રા જોઈ મનમાં હસ્યાં ને હસવું ના રોકાતાં

 ISSN 0976-9609

પોતાની સહેલીના વર્ગમાં ગયાં ને કહ્યું, અલી આ કરશન સાહેબની ડાગળી સચકી ગઈ હોય એમ લાગે છે. હમણાંના એકદમ બદલાઈ ગયેલા નથી લાગતા તને ?

પાંચ વાગ્યે માસ્તર પૂતળાની જેમ યંત્રવત્ ઘેર ગયા. ઓસરીમાં બેઠા બેઠા અંધારું પડ્યા સુધી થડિયાને તાકી રહ્યા. ડાબા જમણી જાણે કૈંક શોધતા હોય એમ આંખો ચકળવકળ કરવા લાગ્યા. મનમાં જાણે કોઈક મોટો હિસાબ માંડી રહ્યા હોય એમ ગંભીર થઈ ગયા. એક રોટલો માંડ ખાતા તે આજે અઢી રોટલા જમ્યા. બધાં ઘરમાં સૂતાં હતાં. પોતે ઉકળાટ થાય છે એમ કરી પડસાળમાં સૂતા. રાત ધીરે ધીરે બોજલ થતી જતી હતી. વીજળીના તાર પર બેઠેલી ચીબરીની ચિચિયારીઓ રાતની નીરવતામાં બાકોરાં પાડતી હતી. તળાવના પીપળા બાજુથી ઘુવડનો બિહામણો અવાજ અંધારું ચીરીને ફળિયા સુધી પહોંચતો હતો. આખા દિવસનું ઉકળેલું ફળિયું પાછલા પહોરની ટાઢક ઓઢીને સૂતું હતું. છેલ્લા ઘેર મંગળ ઘના એકલા જાગતા હતા ને વારે વારે રડી ઉઠતા કૂતરાંને “હાડ્યે... એ.. રે.. કો... હાડ્યે...” કરી ડંગોરો પછાડી ભગાડતા હતા. ને આ બાજુ માસ્તર ખાટલામાં પડખાં ઘસતા હતા. આંખોમાં અજંપો બે પાંપણોને કેમેય કરી ભેળી થવા દેતો નહોતો. ઘડીકમાં બેઠા થઈ જતા ને થડિયાને તાકી રહેતા. ઘડીકમાં તોતિંગ લીમડો કડડડભૂસ થઈ ધરાશાયી થવાના પડઘા કાનના પડદાને ચીરી નાખતા. લીમડાની સાથોસાથ પોતાની છાતી પર પણ જાણે કરવત ફરતું હોય એમ જીવ મુંઝાતો હતો. એમની આંખે અંધારાં આવવા લાગ્યાં ને કયારે જોતરીએ વીંટાળેલો ભેંસનો જૂનો મોંયડો ગાળિયો બની ગયો એની એમને ખુદનેય ખબર ના રહી. ફળિયાના નાકે એક સામટાં કૂતરાં રડી ઉઠ્યાં.

પી.એમ.શ્રી જવાહર નવોદય વિદ્યાલય,
બોરખડી, પો. બાજીપુરા, તા. વ્યારા,
જિ. તાપી-૩૯૪૬૯૦

## ।। વિદ્યાવૃત્ત ।।

### આઈસ્ટાર કોલેજ દ્વારા મહિલા સંવેદનશીલતા વિષયક નિષ્ણાત વ્યાખ્યાન યોજાયું.

ચારુતર વિદ્યામંડળ અને સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા આઇસ્ટાર કૉલેજના વુમન એમ્પાવરમેન્ટ સેલ દ્વારા તાજેતરમાં નિષ્ણાત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આણંદ જિલ્લાના પોલીસ ઉપવિભાગીય અધિકારી (DYSP) રિદ્ધિ ગુમે અને પ્રતિભા એકેડમીના સેન્સાઈ ચેતન થુમાકિયા ઉપસ્થિત રહ્યા હતા. રિદ્ધિ ગુમેએ વિદ્યાર્થિનીઓને સમાજમાં થતા વિવિધ જોખમોથી કેવી રીતે પોતાનું રક્ષણ કરી શકાય તે વિશે માહિતી આપી હતી. પોલીસ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારની અયોગ્ય ઘટના કે દુર્વ્યવહાર સામે મળતી મદદ અંગે પૂરતું માર્ગદર્શન મળ્યું હતું. વિદ્યાર્થિનીઓને SHE ટીમ તથા ૧૧૨ એપ વિશેની ઉપયોગી માહિતી પણ આપવામાં આવી હતી. સ્વરક્ષણ કોચ સેન્સાઈ શ્રી ચેતન થુમાકિયાએ વિદ્યાર્થિનીઓને સંકટજનક પરિસ્થિતિમાં પોતાનું રક્ષણ કરવા માટેના પ્રાયોગિક ઉપાયો શીખવ્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૧૦૩ વિદ્યાર્થિનીઓ તથા મહિલા અધ્યાપિકાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે વુમન એમ્પાવરમેન્ટ સેલના કન્વિનર ડૉ. સુચિતા પટેલ તથા ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. ઉપરોક્ત કાર્યક્રમના સફળ આયોજન બદલ આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. મહેન્દ્રસિંહ રાજ અને કોલેજ સંયોજક ડૉ. જીગર પટેલ દ્વારા વુમન એમ્પાવરમેન્ટ સેલના સભ્યો તેમજ વિદ્યાર્થિનીઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

## ગેનોડર્મા લ્યુસિડમના ઔષધીય લાભો

જલ્પેશ એસ. પટેલ, મનીષા શિંદે, જીગ્નેશ કે. પટેલ

લોકો એવા આહાર અને આહારીય પૂરક શોધે છે, જે માત્ર મૂળભૂત પૌષ્ટિક જરૂરિયાતો પૂરી પાડે નહીં, પરંતુ આરોગ્યલક્ષી વધારાના ફાયદા પણ આપે, જે દીર્ઘાયુ અને સંપૂર્ણ સુખાકારીને પ્રોત્સાહિત કરી શકે. વિધાનપૂર્ણ આહાર વ્યક્તિગત પૌષ્ટિકતાના વધતા વલણ અને આરોગ્ય તથા સુખાકારી માટે વધુ સમગ્ર દષ્ટિકોણનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. વિધાનપૂર્ણ આહાર તેમની અંદર રહેલા બાયોએક્ટિવ સંયોજનોના કારણે ફાર્માકોલોજીકલ અસર પેદા કરી શકે છે. ખોરાકને તેના ઉપચારાત્મક ગુણધર્મો માટે વાપરવાનો સંકલ્પ હજાર વર્ષોથી ચાલતો આવ્યો છે અને પરંપરાગત ઔષધિય પ્રણાલીઓમાં એનો એક મૂળભૂત સિદ્ધાંત છે. આ પરિસ્થિતિમાં, મશરૂમ્સને તેમના ઔષધીય ગુણધર્મો માટે સદીઓથી પરંપરાગત ઔષધિય પદ્ધતિઓમાં ઉપયોગ કરવામાં આવ્યો છે, અને વૈજ્ઞાનિક સંશોધનોએ તેમના ઘણા ઉપચારાત્મક લાભોની પુષ્ટિ કરી છે.

વર્ષોથી, ખાધા યોગ્ય મશરૂમ્સ તેમના વિશિષ્ટ સ્વાદ અને સુગંધ માટે ગ્રાહકોમાં લોકપ્રિય રહ્યા છે અને તેમના ઔષધીય ગુણધર્મો માટે પણ ઉપયોગમાં લેવામાં આવ્યા છે. વાસ્તવમાં, મશરૂમ્સ માત્ર રસોડામાં જ સામાન્ય રીતે જોવા મળતા નથી, પરંતુ તેમાં રહેલા લાભદાયી તત્ત્વોને કારણે પરંપરાગત હર્બલ ઔષધિ ઓના ભાગ રૂપે પણ વપરાય છે. ગેનોડર્મા એ એક મોટી ફૂગ છે, જે સામાન્ય રીતે તેના ઔષધીય અને વિધાનપૂર્ણ આહાર ગુણધર્મો માટે પ્રખ્યાત છે. આ બહુછિદ્રવાળો મશરૂમ મુખ્યત્વે વિવિધ પાનખર વૃક્ષો, જેમ કે ઓક, મેપલ, એલ્મ, વિલો, સ્વીટગમ, મેગ્નોલિયા અને અકાસિયાના કાઠા પર ઊગે છે. અત્યરેક, આ યુરોપ, એશિયા, તેમજ ઉત્તર અને દક્ષિણ અમેરિકામાં, ખાસ કરીને સમશીતોષ્ણ પ્રદેશોમાં પણ જોવા મળે છે. ગેનોડર્માના રાસાયણિક મુક્ત સંસ્કરણ માટે ડાંગરની ભૂસી, બ્રાઉન રાઈસનો લોટ અને રબર વૃક્ષના કચરા જેવા વૃદ્ધિ-માધ્યમોને પ્રાધાન્ય આપવામાં આવે છે, જેથી કોઈ રસાયણો, જીવાતનાશકો અથવા હોર્મોન્સનો ઉપયોગ કર્યા વિના તેનું સંસ્કરણ કરી શકાય. મશરૂમના ઔષધીય ગુણધર્મોની જાળવણી સુનિશ્ચિત કરવા માટે તેની ખેતી દરમિયાન સૂર્યપ્રકાશના ઉપયોગને જાળવી રાખવો મહત્ત્વપૂર્ણ છે.




G. lucidum નો ફોટોગ્રાફ

G. lucidum ની વૃદ્ધિ પ્રકૃતિમાં મર્યાદિત પ્રમાણમાં થાય છે, અને ફળધારણ પ્રક્રિયા પૂર્ણ થવામાં અનેક મહિના લાગી શકે છે. G. lucidum ની રચના સામાન્ય રીતે પંખા આકારની, વાંસણી આકારની અથવા અર્ધવૃત્તાકાર હોય છે, અને તેનો રંગ મુખ્યત્વે ગાઢ લાલ, લાલસળૂકો-ભૂરો અથવા લાલસળૂકો-કાળો જોવા મળે છે. તેના કિનારીઓ આસપાસ પીળાશ કે ઓકર શેડ વધુ પ્રબળ હોય છે. મશરૂમનું ગૂંદણ ધોવાળું ભાગ સામાન્ય રીતે પીળાશ ભૂરૂં થી ગાઢ ભૂરા રંગનું હોય છે. "Lucidum" નામ લેટિન મૂળ શબ્દ પરથી લેવામાં આવ્યું છે, જેનો અર્થ ''પ્રકાશમાન" થાય છે, અને એ આ મશરૂમના ચમકદાર દેખાવ સાથે સંકળાયેલું છે. G. lucidum ના સ્રાવના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે તેમાં અંદાજે ૧૧.૧% ગ્લુકોઝ, ૧૦.૨% ખનિજ તત્ત્વો (જેમાં K, Mg અને Ca સામેલ છે) અને ૭.૩% પ્રોટીન હોય છે. તેમ છતાં, G. lucidumમાં અનેક બાયોલોજિકલ રીતે સક્રિય ઘટકો પણ હોય છે, જેમ

 ISSN 0976-9609

કે પોલિસેકકરાઈડ્સ, ટ્રાઈટર્પીન્સ, ફ્લેવનોઇડ્સ, એલ્કલોઇડ્સ, સ્ટેરોઈડ્સ, અસંતૃપ્ત ફેટી એસિડ્સ, પ્રોટીન, અમિનોએસિડ્સ, એન્ઝાઈમ્સ, વિટામિન્સ અને ખનિજો. આમાંથી, G. lucidum ના ઔષધીય ગુણધર્મો મુખ્યત્વે પોલિસેકકરાઈડ્સ અને ટ્રાઈટર્પેનોઈડ્સ સાથે સંકળાયેલા છે, અને આ ઘટકો ઘણા વૈજ્ઞાનિક અભ્યાસોના કેન્દ્રબિંદુ રહ્યા છે.

**ટ્રાઈટર્પીન્સ :**

ટ્રાઇટર્પીન્સ એ એક પ્રકારનાં સજીવ સંયોજન (organic compound) છે, જે ★★આઈસોપ્રિન એકમો (isoprene units)★★માંથી ઉત્પન્ન થાય છે અને મોટા ગણે ટર્પીન્સ (terpenes) નામના કુદરતી સંયોજનોના સમૂહનો ભાગ છે. C30 માળખું ધરાવતાં ટ્રાઇટર્પીન્સ સામાન્ય રીતે ૪૦૦ થી ૬૦૦ g/mol મોલેક્યુલર વજન ધરાવે છે. ટર્પિનોઈડ્સ વિવિધ પ્રકારમાં વર્ગીકૃત થઈ શકે છે, જેમ કે, ટ્રાઇટર્પીનોઈડ્સ અને સ્ટેરોલ્સ, essential oils, કેરોટિનોઈડ્સ. અહેવાલો અનુસાર, ગેનોડર્માના ફળધારણ શરીર (fruiting body) ની કડવાશ (bitterness) એ ટ્રાઇટર્પીન/ટ્રાઇટર્પીનોઈડ સેકન્ડરી મેટાબોલાઈટ્સના કારણે થાય છે. ધ્યાન આપવા જેવી વાત એ છે કે, કડવાશમાં વૃદ્ધિ થવાથી ટ્રાઇટર્પીનના પ્રમાણમાં પણ વધારો થાય છે. G. lucidum વિવિધ C30 લેનોસ્ટાન્સ (lanostans) જેવા ટ્રાઇટર્પીનોઈડ્સ ધરાવે છે, જેમાં નીચેના ઘટકોનો સમાવેશ થાય છે ગેનોડેરિક એસિડ્સ (ganoderic acids), એલ્ડીહાઈડ્સ, આલ્કોહોલ્સ, એસ્ટર્સ, ગ્લાઈકોસાઈડ્સ, લેક્ટોન્સ અને કીટોન્સ. ટ્રાઇટર્પીન્સ વિવિધ આરોગ્યલક્ષી પ્રભાવો ધરાવે છે, જેમ કે કેન્સર વિરોધી (Antitumor), એન્ટીઑકિસડન્ટ (Antioxidant), યકૃત સુરક્ષા (Anti-hepatitis), મલેરિયા વિરોધી (Antimalarial), રક્તમાં શુગર ઘટાડનાર (Hypoglycemic), એન્ટીમાઇક્રોબિયલ (Antimicrobial), એચઆઈવી વિરોધી (Anti-HIV).

**અન્ય બાયોએક્ટિવ ઘટકો :**

ગેનોડર્મામાં જર્મેનિયમની ઊંચી માત્રા હોય છે, જે એન્ટીમ્યુટેજનિક (antimutagenic), કેન્સર વિરોધી (antitumor), રોગપ્રતિકારક શક્તિ વધારનાર (immune-enhancing), અને એન્ટીઑકિસડન્ટ (antioxidant) ગુણધર્મો ધરાવે છે. અભ્યાસોમાં જણાયું છે કે ગેનોડર્માના ફળ અને સ્પોર્સમાંથી બહાર કાઢવામાં આવેલા કેટલાક પ્રોટીન, જેમ કે LZP-1, LZP-2, અને LZP-3, માઇટોજેનિક (mitogenic) પ્રવૃત્તિ દર્શાવે છે. ઉપરાંત, માઈસેલ્સમાંથી અલગ પાડવામાં આવેલ Zhi-8 પ્રોટીન રોગપ્રતિકારક શક્તિ સંશોધક (immunomodulatory)પ્રવૃત્તિ ધરાવે છે. તદ્ઉપરાંત, ગેનોડર્મામાં લેક્ટિન્સ (lectins), રાઈબોન્યુક્લીએસ (ribonucleases), અને લાકેઇસ (laccases) જેવા બાયોએક્ટિવ પેપ્ટાઈડ્સ (bioactive peptides) પણ ઓળખવામાં આવ્યા છે.

ગેનોડર્મા એ વિવિધ એન્ઝાઈમ્સનું સમૃદ્ધ સ્રોત છે, જેમાં સુપરઓક્સાઈડ ડિસ્મ્યુટેઝ (superoxide dismutase), લાયસોઝાઈમ (lysozyme), અને પ્રોટીન એન્ઝાઈમ્સ શામેલ છે, જે શરીરની રોગપ્રતિકારક અને ચયાપચય (metabolic) પ્રક્રિયાઓ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. અધ્યયનોએ દર્શાવ્યું છે કે, ગેનોડર્માનું સ્ટેરોઈડ, ગેનોડોસ્ટેરોન (ganodo sterone), યકૃત રક્ષણાત્મક (antihepatotoxic) પ્રવૃત્તિ ધરાવે છે. ઉપરાંત, ગેનોડર્મા વિટામિન C અને E ઉપરાંત β-કેરોટીન (β-carotene) નું પણ સ્રોત છે.

**G. lucidumનું સેવન અને આરોગ્ય પર તેનો પ્રભાવ :**

ગેનોડર્મા પ્રજાતિના મશરૂમ્સના ફળધારણ શરીર (fruiting body) કઠોર અને કડક હોવાને કારણે તેઓ રસોઈ માટે યોગ્ય ગણાતા નથી. તેમ છતાં, તેઓ ઔષધીય મશરૂમ્સ તરીકે ખૂબ જ કિંમતી

માનવામાં આવે છે, અને તેમના સ્રાવ (extracts) વિવિધ રોગોના ઈલાજ માટે વપરાય છે. મશરૂમ્સ સામાન્ય રીતે વિભિન્ન રૂપોમાં સેવન કરવામાં આવે છે, જેમ કે કેપ્સ્યુલ્સ, પ્રવાહી સ્રાવ (liquid extracts), ચ્યૂએબલ ટેબ્લેટ્સ (chewable tablets), ચોખાનો દારૂ (rice wine), ચા, સિરપ (syrup), તેમજ વાળ અને ત્વચા સંભાળ ઉત્પાદનો.

G. lucidum ને સૂકવીને પીસવામાં આવે છે અને આહારીય પૂરક (dietary supplement) તરીકે વેચવામાં આવે છે, જેથી તેના ફાર્માકોલોજીકલ ગુણધર્મોનો લાભ લઈ શકાય. આ ઉત્પાદનોની વૈશ્વિક વેચાણ સંખ્યા દર વર્ષે US 2.5 બિલિયનથી વધુ હોવાનો અંદાજ છે. G. lucidum ના આરોગ્યલક્ષી ફાયદા મુખ્યત્વે તેના સ્પોર્સ (spores), માઇસેલ્સ (micelles), અને ફળધારણ શરીરમાંથી મેળવેલા બાયોએક્ટિવ સંયોજનો પર આધાર રાખે છે. આ લેખમાં COVID-19, એન્ટીઑકિસડન્ટ્સ, હૃદયરોગ (cardiovascular diseases), એન્ટિડાયાબિટીસ અને કેન્સર વિરોધી અસર સાથે સંકળાયેલા G. lucidumના બાયોએક્ટિવ સંયોજનોની કાર્યોવિધિ (mechanisms of action) પર વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

કેટલાક સંશોધકોનું માનવું છે કે ગેનોડર્મા ફક્ત લાભદાયી જ નહીં, પણ સુરક્ષિત પણ છે, કારણ કે આના સામાન્ય ઉપયોગ સાથે કોઈ ઝેરીલાપણું (toxicity) સંકળાયેલું નથી. તેમ છતાં, એક અભ્યાસ માં દર્શાવાયું છે કે ૧.૫-૯ ગ્રામ/દિવસના ગેનોડર્મા એક્સટ્રેક્ટ પાવડરના મુખમાંથી લેવાતા ડોઝ પછી કેટલાક દર્દીઓએ તાત્કાલિક લક્ષણો અનુભવ્યા, જેમ કે તરસ (thirst), નિદ્રાલુતા (drowsiness), ત્વચા પર લાલાશ (redness), પેટ ફૂલવું (bloating), વારંવાર મૂત્ર વિસર્જન (frequent urination), અસામાન્ય પરસેવો (abnormal sweating), અતિસાર (diarrhea). ઉપરાંત, અભ્યાસોએ પણ સૂચવી આપ્યું છે કે ડોઝ અને વ્યક્તિગત આરોગ્ય સ્થિતિના આધારે, ગેનોડર્માનું સેવન કેટલાક વિકારો તરફ દોરી શકે છે, જેમ કે એલર્જી (allergies), લોહીના ગઠ્ઠા થવા (blood clots), યકૃત સંબંધિત સમસ્યાઓ (liver problems) વગેરે.

**નિષ્કર્ષ :**

G. lucidum એ એક મશરૂમ છે, જે ટ્રાઇટરપેન્સ (triterpenes), પોલીસૅક્કરાઈડ્સ (polysaccharides), પેપ્ટાઈડ્સ (peptides), અને અન્ય અનેક બાયોએક્ટિવ સંયોજનો ધરાવે છે, જેઓ સંભવિત ફાર્માકોલોજિકલ અને ઔષધીય ગુણધર્મો દર્શાવે છે. અભ્યાસોએ સૂચવ્યું છે કે G. lucidum એ તેના એન્ટીવાઈરલ અને રોગપ્રતિકારક શક્તિ સુધારનારી (immunomodulatory) ગુણધર્મોના કારણે COVID-૧૯ સામે ઔષધીય અસર ધરાવી શકે છે. G. lucidum માંથી મળતા કેટલાક સંયોજનો, જેમ કે ગેનોડેરિક એસિડ્સ (ganoderic acids), ગેનોડર્માનોનડિઑલ (ganodermanondiol), લ્યુસિડુમોલ (lucidumol) અને β-ગ્લુકાન્સ (β-glucans), એન્ટી-વાઈરલ અસર દર્શાવે છે અને COVID-19 માટે રોગપ્રતિકારક પ્રતિસાદમાં સુધારો કરી શકે છે.

આ મશરૂમમાં એવા સંયોજનો પણ હોય છે જે ઓક્સિડેશન ચેઈન રિએક્શન (oxidation chain reactions) અટકાવે છે, લિપિડ ઓક્સિડેશનના પ્રભાવને ઘટાડે છે, ઝેરી સંયોજનો ઉત્પન્ન કરતા એન્ઝાઈમોની પ્રવૃત્તિ દબાવે છે. આ કારણે, શરીરમાં રીએક્ટિવ ઓક્સિજન સ્પીશીસ (ROS) થકી થતી હાનિ અને ખાદ્ય પ્રોસેસિંગમાં લિપિડ ઓક્સિડેશનના નુકસાનને ઘટાડવામાં મદદ કરે છે. ઉપરાંત, G. lucidum ના પોલીસૅક્કરાઈડ્સ, ગ્લાયકોપ્રોટીન્સ અને ટ્રાઇટરપેન્સ દ્વારા કેન્સર વિરોધી અસર પણ દર્શાવવામાં આવી છે. આ વિવિધ મિકેનિઝમ્સ દ્વારા શક્ય બને છે સાઈટોકાઈન ઉત્પ્રેરણ (cytokine stimulation), સાઇટોટૉક્સિક અસર (cytotoxic ef-

 ISSN 0976-9609

fects), ટ્યુમર સેલ સંલગ્નતા અવરોધ (inhibition of tumor cell adhesion), એપોપ્ટોસિસ અવરોધ (blocking of apoptosis), એન્જિયોજેનેસિસ (angiogenesis) અટકાવવી. G. lucidumના એક્સટ્રાક્ટ કાર્ડિઓવાસ્ક્યુલર (હૃદયસંબંધી) રોગો અને ડાયાબિટીસના ઈલાજ માટે પણ લાભદાયી હોવાનું જણાયું છે. તેમ છતાં, આ મશરૂમના ઉપયોગમાં કેટલીક મર્યાદાઓ છે, જેમ કે પરંપરાગત ફાર ઈસ્ટર્ન મેડિસિન બહાર તેની સંભાવનાઓ અને લાભો અંગે જાગૃતિનો અભાવ, મર્યાદિત ખેતી વિસ્તાર (limited cultivation regions), વ્યાપક સ્તરે ઉપયોગ ન થવો. આ કારણોસર, G. lucidum ના આહારીય પૂરક (food supplement) અને રોગ ઉપચારમાં ઉપયોગ માટે વધુ સંશોધન આવશ્યક છે.

સરદાર કૃષિનગર, દાંતીવાડા કૃષિ વિશ્વવિદ્યાલય,
સરદાર કૃષિનગર

## ।। વિદ્યાવૃત્ત ।।

**સીવીએમ યુનિવર્સિટીની એડીઆઈટી ખાતે આણંદ જિલ્લા કક્ષાના કલા મહાકુંભ-૨૦૨૫નું આયોજનઃ** કમિશ્નર શ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજિત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, આણંદ સંચાલિત, આણંદ જિલ્લા કક્ષા, કલા મહાકુંભ-૨૦૨૫નું આયોજન સીવીએમ યુનિવર્સિટીની એડીઆઇટી કૉલેજ ખાતે તારીખ ૩૦ અને ૩૧ ઓગષ્ટ ૨૦૨૫ દરમિયાન કરવા માં આવ્યું હતું.

જિલ્લા કક્ષાના કન્વીનર શ્રી સંજયભાઈ પટેલના જણાવ્યા મુજબ આ કલા મહાકુંભમાં સાહિત્ય કલા, લોકકલા, શાસ્ત્રીય કલાની વિવિધ ૨૩ જેટલી સ્પર્ધાઓ જેવી કે રાસ, ગરબા, લોકનૃત્ય, લોકગીત, દુહા, છંદ, ભજન તેમજ વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ, કાવ્ય લેખન, ચિત્રકલા તેમજ સ્કૂલ બેન્ડ જેવી વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓ વિવિધ વય જૂથમાં જેવી કે ૬ થી ૧૪, ૧૫ થી ૨૦, ૨૧ થી ૫૯ માં વહેંચાયેલી હતી.

ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની ન્યૂ વલ્લભ વિદ્યાનગર સ્થિત એડીઆઇટી કૉલેજના વિશાળ ઓડિટોરિયમમાં તારીખ ૩૦ ઓગષ્ટ ૨૦૨૫ ના રોજ યોજાયેલ ઉદ્‌ઘાટન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. ઇન્દ્રજીત પટેલ, પ્રોવોસ્ટ, સીવીએમ યુનિવર્સિટી તથા એડીઆઇટી કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. વિશાલ સિંઘ હાજર રહ્યા હતા.

આ દરમિયાન પ્રાંત યુવા વિકાસ અધિકારી શ્રી હરીશકુમાર મનાત, શ્રી રશ્મિભાઈ રાઠોડ અને શ્રીમતી આશાબેન ચૌધરી તથા તાલુકા કન્વીનર-શ્રીઓ વિશેષ રીતે ઉપસ્થિત રહ્યા હતા. અંદાજિત ૧૨૫૦ જેટલા કલાકારો આ સ્પર્ધામાં પોતાનું કૌશલ્ય બતાવશે. આ સ્પર્ધાઓમાં પ્રથમ વિજેતા સ્પર્ધકો મધ્ય ગુજરાત પ્રદેશ કક્ષાના કલા મહાકુંભમાં ભાગ લેવા જશે.

ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના પ્રમુખ શ્રી ભીખુભાઈ પટેલે તમામ સ્પર્ધકો તથા આયોજકોને વિશેષ અભિનંદન તથા શુભેચ્છાઓ પાઠવી હતી.

## ।। વિદ્યાવૃત્ત ।।


**ઈન્દુકાકા ઈપ્કોવાલા કૉલેજ ઓફ ફાર્મસી :** (૧) તા. ૧૯ જુલાઈ ૨૦૨૫ ના રોજ સીવીએમ યુનિવર્સિટીના ઇન્દુકાકા ઇપ્કોવાલા કૉલેજ ઓફ ફાર્મસી ખાતે સવારે ૯:૦૦ થી સાંજે ૪:૩૦ વાગ્યા સુધી ફાર્મા ફ્યુચર ફેસ્ટ ૨.૦ (ઇન્ટર્નલ ફાર્મા હેકાથોન ૨૦૨૫)નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. હેકાથોનમાં કુલ ૧૮ ફાર્મસી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેનો ઉદ્દેશ્ય માળખાગત માર્ગદર્શન અને મૂલ્યાંકન રાઉન્ડ દ્વારા નવીનતાને પ્રોત્સાહન આપવાનો હતો. આ ઇવેન્ટમાં ત્રણ રાઉન્ડ હતા. માર્ગદર્શન, માર્ગદર્શન + મૂલ્યાંકન અને અંતિમ પિચિંગ રાઉન્ડ, જ્યાં વિદ્યાર્થીઓએ હર્બલ ફોર્મ્યુલેશન, બાળરોગ દવા વિતરણ પ્રણાલીઓ અને દવાસંગ્રહ સલામતી સંબંધિત નવીન ઉકેલો રજૂ કર્યા. શ્રી કૃણાલ એચ. સોલંકી અને શ્રીમતી સ્વાતિ કે. કુર્ટકોટી દ્વારા સંકલિત, આ ઇવેન્ટ ઊભરતા ફાર્મસી વ્યાવસાયિકોમાં સર્જનાત્મક વિચારસરણી અને ઉદ્યોગ સાહસિક કુશળતાને પ્રોત્સાહન આપવા માટે એક મૂલ્યવાન પ્લેટફોર્મ તરીકે સેવા આપી હતી.

(૨) ઇન્દુકાકા ઇપ્કોવાલા કૉલેજ ઓફ ફાર્મસીના મહિલા વિકાસ સેલ/જેન્ડર સેન્સિટાઇઝેશન સેલ અને યોગ/મેડિટેશન ક્લબ દ્વારા ૦૧/૦૯/૨૦૨૫ થી ૧૨/૦૯/૨૦૨૫ દરમિયાન "સ્વરક્ષણ" પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૨ સપ્ટેમ્બરના રોજ, સમાપન સમારોહની શરૂઆત દીપ પ્રગટાવીને કરવામાં આવી હતી, વર્કશોપની ઝાંખી મહિલા વિકાસ સેલના કન્વીનર શ્રીમતી જીનલ ટંડેલ દ્વારા આપવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓએ ઉત્તમ સ્વ-રક્ષણ કૌશલ્ય દર્શાવ્યું હતું. જાગૃત મહિલા સંગઠનના પ્રમુખ શ્રીમતી આશા દલાલે વિદ્યાર્થિનીઓએ પ્રેરણા આપી હતી અને પ્રશંસા કરી હતી. વિદ્યાર્થિનીઓએ તાલીમ આપનાર શ્રી જીગ્નેશ ઠક્કરે વિદ્યાર્થીઓને અભિનંદન અને પ્રેરણા આપી હતી. ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના મહિલા વિકાસ સેલ કન્વીનર ડૉ.મૌલિકા પટેલે વિદ્યાર્થિઓને પ્રોત્સાહન આપ્યું હતું. ઇન્દુકાકા ઇપ્કોવાલા કૉલેજ ઓફ ફાર્મસીના પ્રિન્સિપાલ ડૉ. દિમલ શાહે બધી વિદ્યાર્થિનીઓને અભિનંદન આપ્યા હતા અને મહાનુભાવો દ્વારા પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. યોગ ક્લબના કન્વિનર શ્રીમતી હેતા કાછિયા દ્વારા આભારવિધિ સાથે વર્કશોપનું સમાપન કરવામાં આવ્યું હતું.

(૧) **B. & B. Institute of Technology (BBIT)** ખાતે વિવિધ વિભાગના વિદ્યાર્થીઓ અલેફિયા કાચવાલા,અશોકકુમાર પરમાર (સ્ટુડન્ટ સેંટ્રલ કમિટી)એ તા. ૧૨/૦૮/૨૦૨૫ના રોજ રાષ્ટ્રપ્રેમ અને સર્જનાત્મકતાને ઉજાગર કરવા ભારતીય તિરંગા આધારિત પોસ્ટર તૈયાર કર્યા. આ પ્રવૃત્તિ "હર ઘર તિરંગા" અને 'આઝાદી કા અમૃત મહોત્સવ' જેવા અભિયાનો સાથે સંકળાયેલી છે.

(૨) "હર ઘર તિરંગા" થીમ ભારતીય પ્રોજેક્ટ ઓગસ્ટ ૨૦૨૫ અલેફિયા કાચવાલા, અશોકકુમાર પરમાર, સ્ટુડન્ટ સેંટ્રલ કમિટી ૧૨/૦૮/૨૦૨૫ સ્થાનિક હર ઘર તિરંગા અભિયાન ભારત સરકારે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત શરૂ કર્યું. હેતુ: દરેક નાગરિક પોતાના ઘેર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવીને દેશપ્રેમ, એકતા અને જવાબદારીની ભાવના મજબૂત કરે.

(૩) માર્ગ સલામતી જાગૃતિ કાર્યક્રમનો વિષય માર્ગ સલામતી અને ટ્રાફિક જાગૃતિ  ડૉ. એન એસ પરમાર પરિવર્તન ટ્રસ્ટ આનંદ સ્થાનિક વિદ્યાર્થીઓ તથા નાગરિકોમાં  માર્ગ પર સલામત વર્તન અંગે જાગૃતિ લાવવી, ટ્રાફિક નિયમોનું પાલન કરીને અકસ્માતો અટકાવવાનો સંદેશ આપવો, જવાબદાર નાગરિક તરીકે  સુરક્ષિત મુસાફરી માટે પ્રેરણા આપી.




ISSN 0976-9609

# સીવીએમ યુનિવર્સિટીની એ.ડી.આઈ.ટી. કોલેજ ખાતે સ્પેસ ટેકનોલોજી પર સેમિનાર યોજાયો.











સીવીએમ યુનિવર્સિટીની ન્યુ વલ્લભવિદ્યાનગર સ્થિત એ. ડી. પટેલ ઇન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી ખાતે તા. ૧૮ ઓગસ્ટના રોજ એડીઆઇટી સાયન્સ ક્લબ, સાયન્સ સીટી, SAC - ISRO અમદાવાદ ના સંયુક્ત ઉપક્રમે સ્પેસ ટેકનોલોજી પર સેમીનાર યોજાયો હતો. ઈસરોના વૈજ્ઞાનિક અમિત સિંહાએ (હેડ ઓફ સેટેલાઈટ કોમ્યુનિકેશન, એડવાન્સ ટેકનોલોજી ડિવિઝન) સેટેલાઈટ કોમ્યુનિકેશન ફોર ડિઝાસ્ટર મેનેજમેન્ટ, રીયલ ટાઇમ ટ્રેન ટ્રેકિંગ સિસ્ટમ, સેટકોમ તથા એન્જિનિયરિંગ અંતર્ગત બેઝિક સાયન્સ ના ઉપયોગ, ડેવલપમેન્ટ ઓફ ફર્સ્ટ સેટેલાઈટ ફોન સિસ્ટમ, એલર્ટ સિસ્ટમ ફોર ફિશરમેન, સુનામી અર્લી વોર્નિંગ સિસ્ટમ વિશે માહિતીસભર વક્તવ્ય આપ્યું હતું.જેમાં અંદાજિત ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ વ્યાખ્યાનનું આયોજન ડૉ. અભય દસાડિયા તથા ડૉ. ઈશાન પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનના આયોજન બદલ એડીઆઇટી પ્રિન્સિપાલ ડૉ. વિશાલ સિંઘ તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ પટેલે એડીઆઇટી કોલેજને શુભેચ્છાઓ પાઠવી હતી.

BOOK POST
October 2025

V-Vidyanagar 27 (10)
Published on 05/10/2025
No. of Pages 32 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2024-26
RNI Regd. No. GUJGUJ/2001/05433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month

## સીવીએમ યુનિ.ના પ્રમુખ તથા ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ વિદ્યારત્ન ઍવૉર્ડથી સન્માનિત






ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ એન્જિનીયરશ્રી ભીખુભાઇ પટેલને માસ્ટર સોફ્ટના મુખ્ય હાયર એજ્યુકેશન લીડર એ આઈ કોન્કલેવ દ્વારા શિક્ષણ, સમાજ અને માનવતા માટે તેઓશ્રીએ આપેલા યોગદાન બદલ શ્રીરામ મંદિર અયોધ્યાના સ્થાપક ટ્રસ્ટી સ્વામી ગોવિંદદેવગિરિજી મહારાજની વિશેષ ઉપસ્થિતિમાં ''**વિદ્યારત્ન ઍવૉર્ડ**'' થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )